Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૪૧ • તા. ૦૯ ઑક્ટોબર ૨૦૧૭ થી ૧૫ ઑક્ટોબર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

## Shree K.D.O. Students Association

Estd. 1954

64 Shree KDO Students Association

# Shubharambh navratri 2017

Let's get on the Floor

16th SEPT 2017



આરતી કરતા મહાનુભવો



થાળી રાંઘ



તામ્બડી રાંઘ



ગરબા



બાળકો



મટુકડી



દાંઢિયા



પ્રમુખ શ્રી તેજસ મહેન્દ્ર ખોના



શ્રી કલ્પેશભાઈ મોતા નું બહુમાન કરતા મહાનુભવો



શ્રી હરીશભાઈ ધરમશી નું બહુમાન કરતા શ્રી ભરતભાઈ ડાઘા



કમિટી મેમ્બર્સ



વિદ્યાર્થીસંઘ ની ટીમ

# Shradhanjali



## Shri Deepakbhai Damji Poladia

Shradhanjali is perhaps a small word for an overpowering
personality likeDeepak Bhai..
He was man with strong faith and determination and dreams that
touched the sky
Backed by his unshakeable trust in Shantinath Dada.....
the upliftment of the KDO community..... , the unification of Khandesh...
linking of Khandesh with the mumbai mahajan
support for educational loans ..development of youth etc were all
the dreams that he strove to weave in beautiful reality........
Selfless to the core he had a dedication that goaded him
undetered by all hassles ..all obstacles that marred his way..
The real homage that one can give him is to continue his tasks ..
realize his dreams and aspirations and take KDO community
to its crowning glory

**DaleshJaichand Momaya And Family Chalisgaon**

જગમાં તીરથ હો વડા... શત્રુંજય... ગિરનાર...એક ગઢ ઋષભ સમવસર્યા...એક ગઢ નેમકુમાર...

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી સંચાલિત

## સંઘમાતા ખેતબાઈ કેશવજી વેલજી ગડા (નાના રતડીયાવાળા) પરિવાર આયોજિત

## શત્રુંજયની પ્રાચીન તળેટી વલ્લભીપુરથી શાશ્વત શ્રી શત્રુંજય મહાતીર્થનો ભવ્ય છ' રી પાલક યાત્રા સંઘમાં પધારવા હોંશભર્યું હરખતેડું



**દિવ્ય કૃપા** : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.

**પાવન નિશ્રા** : તપચક્ર ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા., જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી **વીરભદ્રસાગરસૂરીશ્વરજી** મ.સા. આદિ અચલગચ્છીય વિશાલ શ્રમણ–શ્રમણીવૃંદ

**શુભ આર્શીવાદ** : સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા., સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી **કવીન્દ્રસાગરસૂરીશ્વરજી** મ.સા., આગમાભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી **મહોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

| : વલ્લભીપુર તીર્થથી શુભ પ્રયાણ : | : શત્રુંજય તીર્થ આગમન : | : શત્રુંજય તીર્થ યાત્રા / સંઘમાળ : |
|---|---|---|
| પોષ વદ ૧૪, સોમવાર, તા. ૧૫-૧-૨૦૧૮ | મહા સુદ ૩, શુક્રવાર, તા. ૧૯-૧-૨૦૧૮ | મહા સુદ ૪, શનિવાર, તા. ૨૦-૧-૨૦૧૮ |

*ઈ.સ. ૨૦૧૪ માં શત્રુંજયથી ગિરનારજી મહાતીર્થ ના છ' રી પાલક સંઘ બાદ હવે ચાલો અમારી સાથે વલ્લભીપુરથી શત્રુંજય....*

પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ પરમાત્માએ પૂર્વ ૯૯-૯૯ વાર જે ભૂમિની સ્પર્શના કરી...
અનંતા આત્માઓ જે સિધ્ધભૂમિથી સિધ્ધ થયા તે ભૂમિનું છ' રી ના નિયમ પાળી યાત્રા કરવાનું પરમ સદભાગ્ય આપણને પ્રાપ્ત થયું છે.
ભાગ્યશાળીઓ આવો પધારો આજે જ આપનુ ફોર્મ ભરી... અનુપમ યાત્રાનો લાભ લ્યો...

**આ સાથેનું ફોર્મ ભરી (વધારે કોપી જોઈએ તો ઝેરોક્સ કઢાવી લેવી) નીચેના કોઈપણ સ્થળે પહોંચાડશો અથવા ડોંબિવલીના સરનામે કુરીયર કરશો.**

**ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૧૫-૧૦-૨૦૧૭**

- શ્રી અચલગચ્છ જૈન સંઘ – શ્રી સુવિધિનાથ દેરાસર, માનપાડા રોડ, **ડોમ્બીવલી (ઈસ્ટ)**
- શ્રી અચલગચ્છ જૈન સમાજ – શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસર, ઝવેર રોડ, **મુલુંડ (ઈસ્ટ)**
- શ્રી અચલગચ્છ જૈન સંઘ– શ્રી મલ્લિનાથ જૈન દેરાસર, હરદેવીબાઈ સોસાયટી, ગુફા રોડ, **જોગેશ્વરી (ઈસ્ટ)**
- શ્રી કચ્છી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ – શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર, દેરાસર લેન, **ઘાટકોપર (ઈસ્ટ)**
- શ્રી દાદર કચ્છી જૈન સંઘ – શ્રી શીતલનાથ જૈન દેરાસર, દાદા સાહેબ ફાળકે રોડ, **દાદર (ઈસ્ટ)**
- શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન – શ્રી અનંતનાથ જિનાલય, નરશી નાથા સ્ટ્રીટ, **મસ્જીદ બંદર**
- શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વે. જૈન સંઘ, શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલય, ભાઉદાજી રોડ, **માટુંગા.**

**વધુ માહિતી માટે સંપર્ક : 9820565261 / 9324186113**

### : નિયમો :

૧) છ'રી ના નિયમો : પાદ વિહારી, એકાશનકારી, આવશ્યકારી, બ્રહ્મચારી, સચિતપરિહારી, ભૂમિ સંથારી આ છ એ નિયમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૨) દરરોજની આવશ્ય ક્રિયાઓ સમુહમાં ફરજિયાત કરવાની રહેશે.
૩) છ' રી નિયમોનું ભંગ, ગૈરવર્તણુક કરનારને સંઘમાંથી કોઈપણ કારણ આવ્યા વિના છુટ્ટા કરવામાં આવશે.
૪) વલ્લભીપુર તા. ૧૪-૧-૨૦૧૭ ના બપોર સુધી પોતાની રીતે આવી જવાનું રહેશે અને પાલીતાણાથી તા. ૨૦-૧-૨૦૧૭ ના સાંજ પછી પોતાની રીતે જ જવાનું રહેશે.
૫) રીર્ટન ટીકીટ ખર્ચ યાત્રા પૂર્ણ થતા પાલિતાણામાં આપવામાં આવશે.
૬) વલ્લભીપુર આવવા માટે ભાવનગરની ટ્રેનમાં ધોળા સ્ટેશને ઉતરવું.

---

## વલ્લભીપુરથી શત્રુંજય મહાતીર્થ છ' રી પાલક સંઘમાં જોડાવવા માટેનું ફોર્મ

યાત્રિકનું નામ : ..............................................................................

ગામ : ...................................... ઉંમર........ સ્ત્રી/પુરૂષ........

ફોન :........................................ મોબાઈલ : ................................ વોટ્સઅપ નં. : ...........................

નજીકના સંબંધીનું નામ : ....................................................... મોબાઈલ નં. : ..........................................

સંપૂર્ણ સરનામું : ..............................................................................

..............................................................................

અગાઉ કોઈ છ'રી પાલીત સંઘમાં જોડામા છો ? હા / ના    ક્યારે .............................. ક્યાં...............................

નિયમિત કોઈ તપસ્યા : ....................................................... યાત્રા દરમ્યાન પૌષધ કરી શકશો : હા / ના

કોઈ મોટી બિમારી .......................................................

.......................................................

યાત્રિકની સહી

# મિડિયા મંથન ૨૦૧૭, રાયપુર



અધ્યક્ષ પ્રવીણ મૈશેરી સાથે વરિષ્ઠ પત્રકાર પ્રભુ ચાવલા




એક સત્ર દરમ્યાન પ્રવીણભાઈ અને એક વક્તા



શ્રી પ્રવીણ મૈશેરી

અત્રે ૪ અને ૫ ઓક્ટોબરના પંડિત દિનદયાલ ઉપાધ્યાય માનવ અધ્યયન શોધ પીઠ, છત્તીસગઢ (અધ્યક્ષ પ્રવીણ મૈશેરી) અને કુશાભાઉ ઠાકરે પત્રકારિતા વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ઉપરોક્ત કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો. જેમાં ૧) મહિલા અસ્મિતા એવમ વિજ્ઞાપનમાં મિડિયાની ભૂમિકા, (૨) રાષ્ટ્રવિકાસમાં મિડિયાની ભૂમિકા અને (૩) આંતરિક સુરક્ષામાં મિડિયાની ભૂમિકા પર ગ્રુપ ચર્ચા વિનિમય થયા તેમજ વરિષ્ઠ પત્રકાર પભુ ચાવલા દ્વારા અભ્યાસપૂર્વક વક્તવ્ય અપાયું જેમાં તેમણે છાત્રોને પત્રકારિતાના વ્યવસાયમાં સંલગ્ન થયેલા ઉદ્દેશનું નિષ્પક્ષત્તા, નીડરતા તથા પ્રમાણિકતાથી કેવી રીતે સંવર્ધન કરી શકાય છે તેની છણાવટ કરીને બહુમુલ્ય માર્ગદર્શન આપ્યું હતું અને પોતાના રસપ્રદ અનુભવો વર્ણવ્યા હતા.

# શ્રી અરિહંત કો-ઓપરેટીવ બેન્ક લી. ની ૩૪મી વાર્ષિક સામાન્ય સભા વાશી, નવી મુંબઈમાં ૯-૯-૨૦૧૭ના સંપન્ન થઈ



ચેરમેન શ્રી હિરાચંદ દંડ



વાઈસ ચેરમેન શ્રી મુકેશ મૈશેરી



ઉપસ્થિત શેરહોલ્ડર્સ




ડાયરેક્ટર્સ અને અધિકારી વર્ગ

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 41/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


## કચ્છના દરિયામાં સિંધોડી નજીક ખેલાયો અગનખેલ

કચ્છના ઈતિહાસમાં હાજી કાસમની વીજળી ઓખા પાસે મધદરિયે ડૂબી જવાની ઘટના બહુ જાણીતી છે અને તે પરથી બનેલું લોકગીત પણ કચ્છ - સૌરાષ્ટ્રમાં જાણીતું છે, પરંતુ આવી જ એક ઘટના કચ્છના દરિયામાં બની હતી.

વાત છે આજથી બરાબર છ દાયકા જૂની, કચ્છના અબડાસા તાલુકાના સિંધોડી પાસેના દરિયામાં યુદ્ધનો સરંજામ દારૂગોળો ભરેલું આખું જહાજ ઘસડાઈ આવ્યું અને ખડક સાથે ટકરાઈ આખું જહાજ દરિયામાં ધડાકા સાથે સળગી અને ડૂબી ગયું. આ શસ્ત્રો અમેરિકા દ્વારા પાકિસ્તાનને મોકલવામાં આવતાં હોવાની વાત પણ આ ઘટનાથી બહાર આવી ગઈ.

બ્રિટિશ ટાપુ સ્કોટલેન્ડથી ઊપડી પાકિસ્તાન જઈ રહેલી ડચ સ્ટીમર ''નાયગેરિયા'' ૨૧મી જૂન ૧૯૫૮ ના મધરાત્રિના અઢી વાગ્યે કચ્છના દરિયામાં જખૌ પાસે સિંધોડી ક્રિક પાસે ઘસડાઈને આવી અને એક ખડક સાથે ટકરાતાં ધડાકા સાથે સળગી જતાં કચ્છના ઈતિહાસમાં પહેલી જ વાર આવી ઘટના નોંધાઈ. આ ધડાકાને કારણે સિંધોડી-રામપર સહિતનાં ગામોમાં ભયનું વાતાવરણ સર્જાઈ ગયું હતું.

જહાજમાં ભરેલો દારૂગોળો ફુટવાથી માઈલો સુધી તેનો ધડાકો સંભળાયો અને અગ્નિજ્વાળા પણ દેખાઈ હોવાનું નજરે જોનારાઓએ કહ્યું હતું. આ ઘટનાને કારણે જહાજ અને દારૂગોળો સહિત એક કરોડ જેટલું નુકસાન થયું હોવાનું જહાજના કેપ્ટન વાન ડેન બ્રિકે કચ્છ પોલીસને તપાસમાં જણાવ્યું હતું.

જહાજ દરિયામાં ફસાયું હોવાની જાણ થતાં જ લાઈફબોટ સાથે દરિયામાં કૂદીને સિંધોડીના કિનારે તરી આવેલા જહાજના કેપ્ટન, એન્જિનિયર સહિતના તમામ સ્ટાફને સિંધોડી પોલીસે તપાસ માટે કોઠારા પહોંચાડ્યા.

કચ્છના દરિયામાં બનેલી આ ઘટનાની જાણ પાટનગર ભુજમાં થતાં જ તત્કાલીન જિલ્લા કલેક્ટર પાનાચંદ મહેતા ખાસ પોલીસ પાર્ટી તથા તેના ઈન્સ્પેક્ટર ઠાકોર સાથે ઘટના સ્થળે પહોંચી ગયા અને જહાજના બચી ગયેલા તમામ સ્ટાફને ભુજ પહોંચાડી ઘટનાની જાણ તાત્કાલિક ભારત સરકાર તથા મુંબઈ રાજ્ય સરકારને કરી. એ સમયે ગુજરાત અને કચ્છ મુંબઈ રાજ્ય સરકાર સાથે હતાં.

ભારત સરકાર પણ આ ઘટનાથી સફાળી જાગી અને સમગ્ર બીનાને આંતરરાષ્ટ્રીય સ્તરે મૂકવાનો નિર્ણય કર્યો અને સમગ્ર ઘટનાની તપાસ માટે સી.બી.આઈ.ની ખાસ ટુકડી તથા જામનગરના નૌકાદળના અધિકારીઓની ટુકડીને તાત્કાલીક સિંધોડી મૂકવામાં આવી. મુંબઈ રાજ્ય સરકાર પણ તપાસમાં જોડાઈ.

પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો ચોંકાવનારી હતી. પાકિસ્તાનની લશ્કરી વાત આ ઘટનાથી ખુલ્લી પડી ગઈ. જહાજના કર્મચારીઓએ આપેલા નિવેદન મુજબ જહાજમાં દશ હજાર જેટલા શક્તિશાળી બોમ્બ હતા. જહાજમાં ભરેલી યુદ્ધસામગ્રી હોલેન્ડના કોરિન્યાન બંદરેથી પાકિસ્તાન ડિલિવરી કરવા લઈ જઈ રહ્યું હતું. યુનાઈટેડ કિંગ્ડમના પાકિસ્તાન ખાતેના એજન્ટ 'શો' મારફત આ દારૂગોળો પાકિસ્તાનને સોંપવાનો હતો.

સમગ્ર હકીકત આંતરરાષ્ટ્રીય સ્તરે જાહેર થતાં તેની વિગતો જાહેર કરવી જરૂરી જણાતાં નેધરલેન્ડના કોન્સલ જનરલ જે. જે. ડર્કસને મુંબઈ ખાતે ખાસ પત્રકાર પરિષદ બોલાવી સમગ્ર બનાવને વિગતવાર જાહેર કર્યો હતો.

૪૭૦ ટન વજનનું લંડનની એક કંપનીનું જહાજ નાયગેરિયા અમેરિકન લશ્કર વતી કામ કરતું હતું. આ જહાજના કંપાસમાં ખામી સર્જાવાને કારણે નિયત માર્ગથી ૧૫૦ માઈલ દૂર ફંટાઈ ગયું અને કચ્છમાં ઘસડાઈને આવી ગયું હતું.

જહાજના ૨૯ વર્ષના કેપ્ટન વાન ડેન બ્રિક લશ્કરની સૂચના મુજબ સ્કોટલેન્ડના કોરિન્યાન

## જાહેરાતકર્તાઓ : GST નહીં મોકલવા વિનંતિ

પ્રકાશ સમીક્ષા સમિતિની **GST** કાયદા હેઠળ નોંધણી ન થયેલ હોવાથી ''પ્રકાશ સમીક્ષા'' તરફથી મોકલાતા બીલોમાં **GST** ની રકમ ઉમેરવામાં આવતી નથી છતાં પણ કેટલાક જાહેરાતકર્તાઓ સ્વમેળે બીલની રકમ ઉપર ૫% ઉમેરીને કુલ રકમનો ચેક મોકલે છે. તેથી તેમ ન કરતા ફક્ત બીલની રકમનો જ ચેક મોકલવા વિનંતિ છે.

પ્રકાશ સમીક્ષા માટે ઇ-મેલ દ્વારા જાહેરાત મોકલનારે જાહેરાતની મેટર **kdoprakash@gmail.com** ઉપર મોકલાવી વિનમ્ર વિનંતી.

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


બંદરેથી શસ્ત્રસરંજામ, દારૂગોળો લઈને નીકળ્યું હતું. જહાજમાં કેટલી ભયાનક યુદ્ધસામગ્રી ભરવામાં આવી હતી તેની વિગતો પણ ચોંકાવનારી છે. ૪૭૦ ટનના આ જહાજમાં ભારોભાર ૪૪૪ ટન દારૂગોળો હતો જેમાં મોટા મોટા હાથ-બોમ્બ અને તેના છૂટક ભાગો, સ્મોક-બોમ્બો અને ફૂટતાંની સાથે જ આગ ફેલાવે તેવા બોમ્બ હતા. જે પોર્ટુગલ, પાકિસ્તાન, ઈરાન અને ઈરાકની સરકારોને આપવા લઈ જવાતા હતા.

યુદ્ધસામગ્રી અને દારૂગોળો ભરેલા જહાજની યાત્રા પણ એટલી જ દિલધડક અને રોચક હતી, જેનું વર્ણન પણ જહાજના કેપ્ટન અને તેમના સાથીઓએ કર્યું હતું જે વાંચતાં તે સમયે દરિયામાં તેમની સાથે કેવી પળો વીતી હશે તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે.

જહાજે ૧૫મી મે ૧૯૫૮ના દિવસે કોરિન્યાન બંદર છોડ્યું હતું, માર્ગમાં પોર્ટુગલના લિસ્બન બંદરે ૪૪ ટન દારૂગોળો ઉતારી પોતાની કરાચી તરફની સફર આગળ વધારી હતી.

જહાજે જ્યારે સુએઝ નહેર પસાર કરી ત્યારે જહાજનો રેડિયો ટેલિફોન બગડી ગયો, પરંતુ જહાજ ખૂબ આગળ વધી ગયું હોઈ પરત ફરી શકાય તેમ નહોતાં આગળની સફર ચાલુ રાખી.

જૂન મહિનાની ૧૧મી તારીખે જહાજ એડન પહોંચ્યું, ત્યાં જહાજનો રેડિયો ટેલિફોન સુધારવામાં આવ્યો અને ૧૩મી તારીખે જહાજ આગળ વધે છે. આ પછી માર્ગમાં વારંવાર પાણીનો પંપ બગડવા લાગ્યો અને આ સિવાય પણ અનેક નાની-મોટી મુશ્કેલીઓ સર્જાવાની ચાલુ રહી. આમ છતાં આ મુશ્કેલીઓનો સામનો કરતું જહાજ આગળ તો વધતું જ ગયું.

ખરી મુશ્કેલી સર્જાઈ ૨૧મી જૂનના વહેલી સવારે બે વાગ્યે. જહાજ કાદવમાં ખૂંપતું હોવાનું જણાતાં જહાજના કર્મચારીઓ વિમાસણમાં મુકાયા અને હવે શું કરવું તેની પણ સમજ નહોતી પડતી. તેઓ પોતે પાકિસ્તાનના કિનારે આવી ગયા હોવાનું માનતા હતા, પરંતુ હકીકત કંઈક જુદી જ હતી.

આ પછી જહાજના કેપ્ટને જોયું કે જહાજ તો પૂરી રીતે કાદવમાં ખૂંપતું જાય છે, એવામાં જહાજમાં જ્યાં દારૂગોળો ભર્યો હતો ત્યાંથી ધુમાડાના ગોટા દેખાવાનું શરૂ થતાં કર્મચારીઓનો જાન બચાવવાનો જરૂરી હોઈ કેપ્ટને તમામ કર્મચારીઓને લાઈફબોટ સાથે દરિયામાં કૂદી પડવા સૂચના આપી હતી.

કેપ્ટનની સૂચના પછી તમામ કર્મચારીઓ તરીને કિનારે આવ્યા પછી થોડું અંગ્રેજી જાણતી વ્યક્તિ સાથે વાત કરતાં ખબર પડી કે પોતે પાકિસ્તાન નહીં પણ તેના પાડોશી મુલક ભારતના કચ્છના દરિયા કિનારે સિંધોડી ગામે આવી ગયા છે.

## આરોગ્ય પ્રકાશ : જોરદાર કસરત, જોગીંગ, રમતો અને ઘૂંટણ પર અસર

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

ઘણાને એમ લાગતું હોય છે કે જો આપણે આપણા સાંધાઓને વધુ પડતું વાપરશું તો તે જલ્દી ઘસાઈ જશે, સંધીવાત (ઓસ્ટીયો આર્થાઈટીસ) થશે; પણ એવું નથી. આપણે આપણા જુદા જુદા સાંધા જેટલા વાપરશું એટલા એ સાંધા મજબૂત થશે, એની આજુબાજુના સ્નાયુઓ, લીગામેન્ટસ્ મજબૂત થશે. જેમ જેમ આપણી ઉંમર વધે તેમ તેમ પોતાની મેળે સાંધા ઘસાતા જાય છે, અને આપણે દોષ રોજીંદી ક્રિયાઓને આપીએ છીએ. સીડનીના પ્રોફેસર અને સંધીવાતના તજ્ઞ પેટ્રીક મેકનીલ કહે છે કે આપણા સાંધાને દરેક હીલચાલથી સાંધા ઘસાય છે તે ખોટી વાત છે, એવા ઘણા લોકો છે જે આખી જીંદગી કાર્યશીલ રહ્યા છે એમને સંધીવાત નથી થયો, એમ એમનું કહેવું છે. આપણા સાંધા અમુક સંખ્યા કે પ્રમાણમાં જ હીલચાલ કરે તેનાથી વધુ સંખ્યામાં હીલચાલ કરે તો ઘસાઈ જાય કે એની મુદત ખતમ થઈ જાય (બલ્બ કે કારના ટાયરની જેમ) એ ખોટી માન્યતા છે. એવી જ રીતે કસરત કરવી કે રમતો રમવી એ સાંધા માટે નુકસાનકારક છે, ખરાબ છે અથવા બીજીરીતે કહીએ તો ઘસાય છે – એ ખોટી માન્યતા છે. કસરત કે રમતો સાંધા માટે ખરાબ છે એવી કોઈ સાબિતી મળી નથી. સંધીવાત તરફ દોરી જતાં બધા કારણોથી હજી ડૉક્ટરો અજાણ છે.

કસરત અને કાર્ટીલેજ (સાંધા વચ્ચેની ગાદી) વચ્ચેનો સંબંધ અટપટો છે. મોટા ભાગના લોકો માટે કસરત એ સાંધાને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે પણ અમુક સંજોગોમાં એ નુકશાસકારક થાય છે. જ્યારે સાંધા, સ્નાયુઓ નબળા થયા હોય અથવા જન્મથી જ સાંધાનો આકાર બરાબર ન હોય તો સાંધાની અલાઈનમેંટ (સાંધો પોતાની જગ્યાએ બરાબર ગોઠવાયેલ ન હોય, સીધી લાઈનમાં ન હોય) બરાબર ન હોય એવી પરિસ્થિતિમાં હીલચાલ, કસરતથી કાર્ટીલેજને નુકસાન થાય છે, સાંધાની ગાદી ઘસાય છે.

જન્મથી જ અમુક લોકોની સાંધાની ગાદી જલ્દી ઘસાય એવી હોય છે તો અમુક જણાની ગાદી ન ઘસાય એવી હોય છે. સાંધાને ઈજા થાય તો, સાંધો વ્યવસ્થિત એક લાઈનમાં એટલે યોગ્ય રીતે હોય એ અકસ્માતથી, ઈજા થવાથી તેની સ્થિતિ બદલાઈ જાય છે. આઉટડોર રમતો કે જેમાં વધુ પડતા આંચકાઓ લાગે તેથી ઘુંટણને, સાંધાને ઈજા થવાની શક્યતા વધુ હોય છે અને એથી ભવિષ્યમાં એ સાંધાની ગાદીને જલ્દી ઘસારો લાગે છે. દા.ત. એન્ટીરીઅર ક્રસીએટ લીગામેંટ (ઘુંટણના સાંધાને એની જગ્યાએ પકડી રાખતો આગળનો પાટા જેવો અવયવ) જે મહત્વની મોટી લીગામેંટ છે, તે ચિરાય તો ૧૦ થી ૧૫ વર્ષમાં તે સાંધાનો સંધીવાત થવાની ૭૦% શક્યતા રહે છે. ઑપરેશન થી આ લીગામેંટને સરખી કરવામાં આવે તો પણ જે શરૂઆતની ઈજા થઈ છે તેના લીધે ઘુંટણની સ્થિરતા હંમેશા માટે બદલાઈ જાય છે અને એને લીધે સમય જતાં એ સાંધાની ગાદી તૂટવાની, ઘસાવાની શક્યતા વધી જાય છે. આવી જાતની ઈજા સોસર (Soccer), ઑસ્ટ્રેલીન ફૂટબોલ અને નેટબોલ જેવી રમતોમાં થાય છે.

મૂળભૂત રીતે રોજ કસરત કરવાથી ઘુંટણની આ મહત્વની લીગામેન્ટ મજબૂત થાય છે અને મજબૂત થવાથી તેમાં ચીરા પડવાની શક્યતા ઘટી જાય છે અને બીજી ઈજાઓથી પણ સાંધો બચી જાય છે અને આમ ઘુંટણના સંધીવાતની શક્યતા ૬૦% ઘટી જાય છે.

એ પણ રસપ્રદ છે કે શરીરના દરેક સાંધાની ગાદી ઘસાવાની ક્રિયા અલગ અલગ હોય છે દા.ત. હાથના સાંધાનો સંધીવાત શરીરના જીનેરીક બેઝીઝ એટલે કે આનુવંશિક આધાર સાથે મજબૂત રીતે સંકળાયેલો હોય છે. કસરતને અથવા સાંધાના વપરાશને હાથના સાંધાના સંધીવાત સાથે સંબંધ નથી કેમ કે જો એમ હોત તો જમણેરી (જમણો હાથ જ વાપરનાર) લોકોના જમણા હાથના સાંધાનો સંધીવાત ડાબા

---

તરીને કિનારે આવ્યા ત્યારે સવારના સાડાસાત વાગ્યાનો સમય થયો હતો અને તેવામાં જ જહાજની દિશામાંથી પ્રચંડ ધડાકો સંભળાયો અને જહાજ કાદવ પાસેના ખડક સાથે ટકરાઈને તૂટી પડ્યું અને તમામ દારૂગોળો દરિયામાં જ ફૂટી ગયો. જહાજ કિનારા નજીક હોત તો સિંધોડી અને તેની આસપાસનાં ગામોમાં મોટી ખુવારી થઈ હોત.

કેપ્ટને પોલીસ અને પત્રકારોને આપેલી વિગતો મુજબ જહાજ દરિયામાં બાવન ડિગ્રીએ જવું જોઈતું હતું તો તે સીધી રીતે કરાચી પહોંચી જાત, પરંતુ તેને બદલે કંપાસમાં સર્જાયેલી ખરાબીને કારણે ચોસઠ ડિગ્રીએ જતું રહેતાં કરાચીથી ૧૫૦ માઈલ દૂર ભારતના કિનારા તરફ આવી ગયું અને વધારામાં એ દિશામાં દરિયામાં કાદવ-કીચડ અને ખડક હોવાના કારણે દુર્ઘટનાનો ભોગ બન્યું.

આ ગમખ્વાર ઘટના પછી ભારત સરકારના ગુપ્તચર વિભાગ, નૌકાદળ અને મુંબઈ રાજ્ય પોલીસે સંયુક્ત રીતે કરેલી તપાસને અંતે જહાજ કે તેના કોઈ પણ કર્મચારીએ ભારત સરકારના કોઈ કાયદાનો ભંગ કર્યો ન હોવાનું પુરવાર થતાં જહાજના તમામ કર્મચારીઓને સુખરૂપ તેમના દેશની સરકારને સોંપવામાં આવ્યા હતા.

**– નરેશ અંતાણી** (નવનીત – સમર્પણમાંથી સાભાર)

હાથના સાંધા કરતાં વધુ પ્રમાણમાં હોત, પણ હકીકતમાં એવું નથી.

સાંધાની ગાદી એ એક જીવતી ટીસ્યુ છે પણ તેમાં ધમનીઓ નથી હોતી, જે તેમાં લોહી પહોંચાડે, તેને બદલે એ સાંધાના હલનચલનના આસરાપર હોય છે. હલનચલન થાય તેમ પમ્પીંગ એક્શન દ્વારા ગાદીની અંદર ઑક્સિજન અને પોષકવાળું પ્રવાહી ફરે છે. કસરત કરવાથી સાંધાનો દુઃખાવો ઘટે છે. હલનચલન અને સાંધાની સુગમતા (Flexibility) જળવાઈ રહે છે. સ્નાયુઓ મજબૂત થાય છે જે સાંધાને તેની યોગ્ય જગ્યામાં જાળવી રાખે છે. સાંધા પર દબાણ આવે એવા આંચકાઓ ખમી લે છે. કસરત રમતનો બીજો મહત્વનો ફાયદો એ છે કે વજન યોગ્ય પ્રમાણ રહે છે; આરોગ્યદાયી રહે છે. વધારે વજન હોય તો સંધીવાતની શક્યતા વધે છે, કેમકે સાંધાપર વજન વધુ આવે છે. અને શરીરમાં બીજા કેમીકલ ફેરફાર થવાથી પણ સંધીવાતની શક્યતા વધે છે. કસરત કે રમત કરવાથી સાંધામાં પહેલેથી તકલીફ હોય કે ન હોય સામાન્ય આરોગ્યના ફાયદા બધાને મળે છે.

વજન ઉપાડતા સાંધા (થાપા, ઘુંટણ અને કમર નીચેના સાંધા)માં સંધીવાત થયો હોય તો જોરદાર કસરત જેમકે દોડવું, સાંધાની પીડા, સોજા વધારી શકે અને સાંધાને ઘસારો પણ વધુ પહોંચાડી શકે. આવા કિસ્સામાં જોરદાર કસરત કે રમતને બદલે હળવી કસરત કે રમત કરવી. દા.ત. તરવું, જે અસર થયેલ સાંધાને ઓછી તાણ આપે. એકદમ ચાલવાનું કે કસરત છોડી દેવું હિતાવહ નથી બલ્કે ચાલવું, તરવું, હળવી કસરત જ એનો શ્રેષ્ઠ ઈલાજ છે.

ડૉ. પેટ્રીક મૅકનીલના મત અનુસાર છેવટનો સાર એ છે કે સાંધાનો વધુ ઉપયોગ (જેમકે ફૂટબોલ, વોલીબોલ જેવી રમતો કે દોડવું, કસરતો વગેરે) અને એ સાંધા અને સંધીવાત વચ્ચે કોઈજ સંબંધ નથી એ હકીકત છે એટલે કસરત કે રમતથી સાંધાને કાંઈ ઈજા ન થાય તો એનાથી સાંધાને કોઈ નુકશાન - સંધીવાત થતો નથી.

કસરત કરતા હોય તેમણે વધુ પડતી કસરત ન થાય તેનું ધ્યાન રાખવું. વધુ ફાયદો મળશે એમ વિચારી ઉતાવળ કરશો તો નુકશાન થવાનો ભય છે. વધુ પડતી કસરત કે લાંબા અંતરના દોડનાર (મેરેથોન)નું આયુષ્ય ટૂંકુ હોય છે એમ અભ્યાસમાં જણાયું છે. માત્સુમારા અને તેમના સહયોગીઓએ ૪૬ વર્ષથી વધુ વયના ૩૮૦૦ દોડનાર સ્ત્રીઓ અને પુરુષો જેઓ અઠવાડીયાના ૨૦ માઈલ દોડતાં હતાં તેમના પર અભ્યાસ કર્યો. આ અભ્યાસમાં હાઈ બી.પી., ખતરનાક પેઈનકીલર્સ લેવાનું, હાઈ કોલેસ્ટ્રોલ, હાઈ બ્લડ સુગર, હાર્ટ એટેકની કૌટુંબિક હીસ્ટ્રી અને સિગરેટ પીવાની ટેવો ( આ બધા આપણું આયુષ્ય ઘટાડવામાં ભાગ ભજવે છે) બાબતો પણ દરેક દોડનારના વિશે ગણતરીમાં લઈ અને પછી જ વધુ દોડનારના આયુષ્ય વિશે વિચાર કર્યો હતો. અભ્યાસના અંતે જણાયું કે વધુ પડતું દોડનારના આયુષ્ય ટૂંકું હતું. વધી પડતી કસરત કે દોડવાથી હૃદયની ટીસ્યુને નુકશાન થાય છે, હૃદયની ધડકન અનિયમિત થઈ શકે છે. તજજ્ઞો ચેતવણી આપે છે કે એક કલાકથી વધુ જોરદાર કસરત કરવાથી હૃદયના સ્નાયુઓ પર ખેંચાણ આવે છે, સ્નાયુઓને ઈજા પહોંચે છે અને હૃદયની ધડકન અનિયમિત થઈ શકે છે.

અમેરીકાના કાર્ડિયોલોજીસ્ટ જેમ્સ ઑડીફ અને કાર્લ લેવીએ 'જર્નલ હાર્ટ'માં એક અભ્યાસ પ્રસિદ્ધ કર્યો હતો કે વધુ ઝડપથી દોડવું, વધુ દૂર સુધી દોડવું અને તે પણ ઘણા વર્ષો સુધી દોડવું તે વ્યક્તિને જલ્દી મૃત્યુ તરફ લઈ જાય છે. રોજીંદી પ્રમાણસર, બહુ જોરદાર ન હોય એવી શારીરિક ક્રિયા કસરત આપણને નિરોગી રાખવામાં, આયુષ્ય વધારવામાં, સારી રીતે જીવવામાં મદદ કરે છે. ઝડપથી દોડવાની કસરત કરવી જ હોય તો રોજની ૩૦-૩૫ મિનિટજ કરવી તેનાથી વધુ નહિં.

સંધીવાત - તજ્ઞના અભ્યાસમાં ભલે એમ જણાયું છે કે ભારે કસરત કે ફૂટબોલ જેવી રમતોથી સીધી રીતે સંધીવાત નથી થતો પણ રમતગમતમાં જીતવાની ઈચ્છાને લીધે બન્ને પક્ષે જોશથી રમવાથી પડવાની શક્યતા વધી જાય છે, ઈજા થવાની શક્યતા વધી જાય છે અને એને લીધે સાંધા ઘસાવાની - સંધીવાતની શક્યતા ૧૦/૧૫ વર્ષે પણ રહે છે. માટે જ રમત હોય કે કસરત કે દોડવું જે હોય તે સંભાળીને, ઈજા ન થાય તે રીતે, પ્રમાણસર અને નિયમિત કરીએ જેથી સાંધા-લીગામેન્ટસ્ મજબુત રહે અને એના બીજા આરોગ્યના ફાયદા મળે.

***

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

આયોજીત

## સમુહ લગ્ન - ૨૦૧૭

**તા. ૧૦/૧૨/૨૦૧૭ના સમુહ લગ્ન આદીપુર-કચ્છમાં જોડાવવા ઈચ્છુક વ્યક્તિઓને ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.**

**સંપર્ક :**

**પ્રબોધ મુનવર** (ભુજ) - **9925169876**
**અરવિંદ લોડાયા** (ગાંધીધામ) - **9825634649**
**વિરચંદ ખોના** (વાશી) - **9870989005**
**ચંદ્રેશ છેડા** (રાયપુર) - **9425213540**
**વિરેન્દ્ર લોડાયા** (મુંબઈ) - **9821073830**
**ચંદ્રેશ લોડાયા** (અમદાવાદ) - **9824014947**
**શાંતિલાલ લોડાયા** (વડોદરા) - **9824012971**
**લક્ષ્મીચંદ દંડ** (ખંડવા) - **9977550110**
**ચેતન લોડાયા** (કોચીન) - **9846268777**
**કુસુમકાંત લાલકા** (ડોંબીવલી) - **9323961617**
**કિરણ દંડ** (મુલુંડ) - **9833808244**

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

**કિરણ દંડ** **પ્રબોધ મુનવર**

## કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશન

### ક.દ.ઓ. સામાજીક સુરક્ષા યોજના

૨૮ વર્ષ જુની સંસ્થામાં અત્યારસુધી ૧૧૦૦૦થી વધુ જ્ઞાતિજનો જોડાયા છે.

૩૦૦થી વધુ સભ્યોના ૫૫ વર્ષની વય પહેલાં મૃત્યુ થતાં નોમીનીને લાભાંશ અપાયું છે. ૨૮૦૦થી વધુ સભ્યો ૫૫ વર્ષની વયે રીટાયર થતાં બોનસ સહિત ડીપોઝીટની રકમ પરત કરાઈ છે.

**પાત્રતા :** કોઈ પણ કેડીઓ ૦ થી ૫૩ વર્ષની વય. **એક જ વખત ભરવાની રકમ :** મેમ્બરશીપ ફી રૂા. ૨૦૦/- તથા રીફંડેબલ ડીપોઝીટ રૂા. ૨૦૦૦/-

**લાભાંશ :** ૫૫ વર્ષની વય સુધી રૂા. ૭૫૦૦૦/-નો જીવનવીમા જેવો લાભ તથા રૂા. ૭૫,૦૦૦/-નો અકસ્માત વિમા જેવો લાભ. ૫૫ વર્ષની વય બાદ ૧૦૦% સુધી બોનસ સહીત ડીપોઝીટ પરત.

સ્વાર્થ સાથે પરમાર્થ, સાધર્મિક ભક્તિ જેવો લાભ. કોઈ સભ્યનું અવસાન થાય તો તેના નોમીનીને મળતા લાભાંશમાં અન્ય દરેક સભ્યનો ફાળો.

**સંપર્ક :**

**વોટ્સ એપ : 8767753082 • ઈ-મેલઃ kdosss@yahoo.in**

**વર્તમાન ઓફીસ બેરર્સ**

પ્રમુખ - **દીપક ગંગાજર ડાઘા** ઉપપ્રમુખ - **શરદ હેમરાજ મોમાયા**
સેક્રેટરી - **રમેશ હીરજી લોડાયા** સહસેક્રેટરી - **સતીષ પ્રવિણચંદ્ર લુઠીયા**
ટ્રેઝરર- **કાંતિલાલ લખમશી વિકમશી**

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી સચ્ચાઈમાતાય નમઃ || || શ્રી ભલારાદાદા નમઃ || || શ્રી સુરાપુરા ડાડા નમઃ || || શ્રી ક્ષેત્રપાલ દાદા નમઃ ||

## શ્રી સુસભ લોડાયા પરિવારના દેવસ્થાન

ગામ - મોટી ખાવડી, જી. જામનગર - ૩૬૧ ૧૪૦.

મોટી ખાવડી મુકામે બિરાજમાન શ્રી લોડાયા પરિવારના દેવસ્થાન
''**શ્રી સચ્ચાઈ માં**'', ''**શ્રી ભલારા દાદા**'', ''**શ્રી સુરાપુરા ડાડા**'' ને નમતા ભાવિકો ને જય જિનેન્દ્ર, જય માતાજી...

સમસ્ત લોડાયા પરિવારોનો સૂર્ય સોળે કળાએ દેદિપ્યમાન હોજો. સમસ્ત લોડાયા પરિવારો ને ઈશ્વર ક્ષેમકુશળ રાખે. સહુને ત્યાં સદૈવ આનંદ મંગલ હોજો.

**આથી નમ્ર નિવદેન કરવાનું કે,**

મોટી ખાવડી મુકામે બિરાજમાન શ્રી લોડાયા પરિવારના દેવસ્થાનના મંદિરના રજીસ્ટ્રેશન તથા બંધારણની બહાલી આપવા બાબતે મુંબઈ મુકામે સભાનું આયોજન કરેલ છે. **તારીખ : ૨૯-૧૦-૨૦૧૭ને રવિવારના રોજ.**

તો સર્વે ભાવિકોને આ સભામાં ઉપસ્થિત રહેવા નમ્ર વિનંતિ સાથે સમયસર પધારવા ભલામણ છે.

**સ્થળ :** તા. **૨૯-૧૦-૨૦૧૭ને રવિવાર**ના રોજ **સ્થળ :** શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ (દેવપુંજ), વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ મુકામે મીંટીગ **સમય :** બપોરના ૨.૦૦ થી ૫.૦૦ રાખેલ છે.

**શ્રી સુસભ લોડાયા પરિવારના જય જિનેન્દ્ર, જય માતાજી**

**સંપર્ક**

**ગીરીશ કે શાહ - 7738823247**
**જીવરાજ જી. લોડાયા - 9322266103**
**દેવન્દ્ર ચંદુલાલ લોડાયા - 9998672190**
**પંકજ હીરાચંદ લોડાયા - 9898214141**
**ભરત પાસુભાઈ લોડાયા - 9833727735**
**કીરીટ કાંતીલાલ લોડાયા - 9920472971**
**વિમલ ચંદુલાલ લોડાયા - 9712500765**

## વરાડીયાના કામણગારા સુશ્રાવિકા



પર્યુષણ પર્વની ઉજવણી બાદ ભાઈઓ સાથે સપરિવાર નૂતન આચાર્ય પૂ. કવીન્દ્રસાગરજી મ.સા.ને દર્શન વંદન કરવા જતાં માંગલિક અને અમૃત વાણીનો લાભ થયો.

સંક્ષિપ્ત વ્યાખ્યાન દરમિયાન તેમના વરાડીયા મધેના ચાતુર્માસનો ખાસ ઉલ્લેખ થયો. ગામના હર્તાકર્તાઓ, ચૈત્યપરિપાટી અને સાધુ-સાધ્વી વંદના અર્થે અન્ય ગામે ગયા હતા. તે જ દિને બનવાજોગ ૧૦૦ જણનો સંઘ તેમને વંદન કરવા વરાડીયા આવી પહોંચ્યો.

ખાતર બરદાસ્ત કરવા ગામમાં કોઈની હાજરી ન હતી છતાં પણ શ્રાવિકા હીરબાઈ મેઘજી મોમાયા (હૈદરાબાદવાળા)ને વાકેફ કર્યા. હીરબાઈ જેમનું નામ તેમનું હીર પ્રકાશી ઉઠ્યું. પૂ. મહારાજશ્રીને હાથ જોડી ફિકર છોડી દેવાનું કહ્યું અને આજ્ઞા ફરમાવવાનું કહ્યું. પૂછવાનું શું ? સંઘ માંગલિક અને વ્યાખ્યાનનો લાભ લઈ નિવૃત્ત થયા કે સહુ માટે ચા-પાણી તૈયાર !

સંઘને ૨૫ મા તિર્થંકર જાણી કટોકટી વેળા મક્કમ મનોબળથી હીરબાઈએ પહોંચી વળી વરાડીયાની શાનને ચાર ચાંદ લગાડ્યા. ધન્ય વરાડીયાના કામણગારા સુશ્રાવિકા જેમના ગુણની પ્રશંસા આચાર્યશ્રી સ્વયં કરતા રહ્યા.

**- કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

---

## ભુલ સુધાર

પ્રકાશ સમીક્ષાના અંક નં. ૪૦ના પાના નં. ૧૫ ઉપર વડોદરા સમાજના વસતીપત્રક અંગે સાભાર-સ્વીકારની નોંધમાં છેલ્લા પેરાગ્રાફમાં સુધારીને ''અલબત્ત, પરિણિત મહિલાના માવિત્રનાં નામ અને વતનના ગામનો નિર્દેશ થયો નથી તે જરા અખરે છે...'' વાંચવું.

## પરસ્પર સમંતિથી છૂટાછેડા

**સૌરભ હિતેન્દ્ર પદમશી મોતા,** ૩૩, (મઝગાંવ - વાંકું) અને **કિરણ** તે **રાયચંદ શામજી લોડાયા** ની સુપુત્રી, ૩૧, (કલવા - સાંધાણ) એ તેમના તા. ૩-૧૨-૨૦૧૬ ના થયેલ **લગ્ન પશ્ચાત તા. ૧-૧૦-૨૦૧૭ના વડીલો અને અન્ય સાક્ષીઓની હાજરીમાં લેખીત સહિઓ કરીને પરસ્પર સંમંતિથી છૂટાછેડા લીધેલ છે.**

## ઘર બેઠાં પરીક્ષા : OPEN BOOK EXAM

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ **પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના સુવર્ણ વરસી તપ પ્રસંગે પ્રકાશિત **''પ્રભુ મિલનનો પંથ''** પુસ્તક આધારીત Open Book Exam નું આયોજન કરવામાં આવ્યું છે.

વહેલો તે પહેલાના ધોરણે નીચેના સરનામે થી પુસ્તક પ્રશ્નપત્ર-ઉત્તરપત્ર મેળવી લેવા વિનંતી. રૂા. ૧૦૦/- ભરીને પોતાનું નામ લખાવી આજે જ પ્રવેશ મેળવી લો.

**પુસ્તક મેળવવાનું સરનામું :**

૧) **સુશ્રાવિકા લતાબેન લહેરચંદ વીકમશી**
૨/૩૯, અનંત નિવાસ, મસ્જીદ બંદર.
મો.: **93239 44117**

૨) **સૌ. મનીષાબેન હરીશ ખોના**
૧૦૬, અનંત છાયા, ઘાટકોપર (ઈસ્ટ).
મો.: **9664798398**

૩) **સૌ. હીનાબેન આર. રણધીર**
૧૩, સ્વપ્નીલ સોસાયટી,
જી.વી. સ્કીમ રોડ, મુલુંડ (ઈસ્ટ).
મો.: **99200 26527**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

**APARTMENT FOR RENT**

**Convenient 1 BHK Semi-furnished Apt.**
(2nd Floor) **available for rent**
at
**Shree Ananthnathji Complex,**
Kanjurmarg (E).
For details please contact
**83697 93710**
between time 20:30 - 21:30 hrs.

|| શ્રી ચક્રેશ્વરી નમઃ || || શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ || || શ્રી ગચ્છાધિષ્ઠાયિકા મહાકાલ્યૈઃ નમઃ ||

**શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વિરભદ્ર-મહોદય સાગર-સુરિભ્યઃ નમઃ**

તપસ્યા કરતાં કરતાં હો કે ડંકા જોર બજાયા હો.. (૨) અસલ્ફા મેં રણકાર છવાયા હો.. (૨)

છોડવી છે ખાવાની લપ, જેથી કર્યુ છે ભદ્રતપ, જે આત્મ કલ્યાણકર છે જપ જીવાજ્ઞાની છે ગપસપ



## શ્રી અસલ્ફા અ. જૈન સંઘ, ઘાટકોપર પશ્ચિમના આંગણે



# સપ્રેમ આમંત્રણ

સુજ્ઞ સાધર્મિક દેવ-ગુરૂ ભક્તિવંત પુણ્યવાનો, પ્રણામ....

અસલ્ફામાં વાગે છે તપસ્યાની બંસરી... સૂરિલા સૂરે ગાજે ઉપાશ્રયો

**❖ પ્રતિમા ❖**

પરમાત્મા મહાવીર મહારાજાએ આદરેલ ભદ્ર, મહાભદ્ર, સર્વોત્તભદ્ર પ્રતિમા એટલે કાઉસગ્ગ ધ્યાનમાં રહેવું ચારે દિશામાં ૪-૪ પ્રહર છઠ્ઠ તપથી તે દિશામાં મુખ રાખી કાઉસગ્ગે (પ્રતિમાધારી) રહ્યા તે ભદ્રતપ ચારે દિશામાં અહોરાત્રસુધી ૪ દિવસ કાઉસગ્ગમાં દસમભતં તે મહાભદ્ર પ્રતિમા ચાર દિશા - ચારવિદિશા ઉપર - નીચે ૧૦ દિવસ ઉપવાસે સહ અહોરાત્રીના કાર્યોત્સર્ગે રહ્યા તે સર્વતોભદ્ર પ્રતિમા.

**❖ ભદ્રતપના તપસ્વીઓ ❖**

**પ.પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.**

**ભવરલાલ અમૃતલાલ મેવાડી** - સલોમર

**સુશીલાબેન પ્રેમચંદ નાગડા** - નલીયા

**અ.સૌ. વાસંતીબેન સાકરચંદ નાગડા** - સત્રોસરા

**અ.સૌ. પ્રભાબેન ઝવેરચંદ વોરા** - મોટીવરંડી

**❖ નિશ્રા પ્રદાન ❖**

અચલગચ્છાધિપતિ શાસન સમ્રાટના શિ.

સાહિત્ય દિવાકર **કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

અને શ્રમણવૃંદ

ઘાટકોપર સ્થિત સાધ્વીગણ

**પૂ. વિજયપૂર્ણાશ્રી મ.સા.,**

**પૂ. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.**

**પૂ. વાચંયમાશ્રીજી મ.સા.**

**❖ ભદ્રતપ ❖**

૧૦૦ દિવસ ચાલતો ૭૫ ઉપવાસ ૨૫ બેસણેં પુર્ણ થતો.

જે નો ક્રમ નીચે પ્રમાણે હોય

૧ - ૨ - ૩ - ૪ - ૫ -

૩ - ૪ - ૫ - ૧ - ૨ -

૫ - ૧ - ૨ - ૩ - ૪ -

૨ - ૩ - ૪ - ૫ - ૧ -

૪ - ૫ - ૧ - ૨ - ૩ -

પ્રથમ લાઈનમાં ક્રમસર - સ્થાને બેસણું ગણવુ ક્રમસર રોં મા વચલોં પ્રથમ થાય આ રીતે તપ કરાય છે

**❖ આશીષ વર્ષા ❖**

સમુદાય વડીલ **પૂ. મહોદયશ્રીજી મ.સા.**

પરિવાર વડીલ **પૂ. યશઃપ્રભાશ્રીજી મ.સા.**

૨૦૭૩નું ચોમાસું ૫-૫ વર્ષની વિનંતી એ સમણુ સાકાર થયું.

અચલગચ્છાધિપતિ આ. દેવ તપચક્રવર્તી **ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ** ના આજ્ઞાવર્તીની **પૂ.સા. નરેન્દ્ર - અરૂણ ધૈર્ય - બાગના પૂ. ગુણમાલાશ્રી મ.સા.ના શિ. સા. હિતપ્રજ્ઞાશ્રી મ.સા., પૂ. સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.** ઠાણા બે નું ચોમાસા પ્રવેશ : આષાઢ સુદ : ૧૨ થી શ્રેષ્ઠ મૂહૂર્તે ભદ્રતપ ની આરાધના નો પ્રારંભ થયો, જે માં સંઘના ૪ સભ્યોએ પણ આવા લાંબા તપનો પ્રારંભ કર્યો અને પરમાત્માની આશીષે ગુરૂવર ના સથવારે આજે પૂર્ણતાને આરે આવી ને ઉભો છે.

## ત્રિદિવસીય ભક્તિ મહોત્સવ

**પાવનકારી પ્રથમ દિવસ**

૮-૧૦-૨૦૧૭ આ.વ. ૩ રવિવાર

શ્રી સિધ્ધિદાયક શ્રી સિધ્ધચક્ર મહાપૂજન સવારના ૯ વાગે શુરૂ થશે.

**દુવિધા મટાવનાર દ્વીતીય દિવસ**

૯-૧૦-૨૦૧૭ આ.વ.૪ સોમવાર

પુરૂષાદાનીય પાર્શ્વ પદ્માવતી પૂજન સવારના ૯ વાગે

**ત્રણ રત્ન-તત્વ મેળવી આપનાર તૃતીય દિવસ**

૧૦-૧૦-૨૦૧૭ આ.વ.૫ મંગળવાર

પ.પૂ. હિતપ્રજ્ઞાશ્રી નો જન્મ દિવસ

લાભાર્થી : **દિપલક્ષ્મી ડેવલપર્સ**

સાધર્મિક ભક્તિ એ જ પરિવારની

બપોરે ૩.૦૦ વાગે

પૂજ્યશ્રી ના (ગામ - માપર)

**શ્રી માપર જૈન મહાજન**

તરફથી સાંજી નાં તપ અનુમોદનાર્થે

ચોવિહાર

**માપર મહાજન** તરફથી

**લાભાર્થી**

**અ.સૌ. પ્રેમિલાબેન ઠાકરશી મેઘજી ગોસર**, બાયઠ

સાધર્મિક ભક્તિએ જ પરિવારની



બપોરે ૩.૦૦ વાગે

અનંતછાયા મંડળની

બેનો સાંજી ગાવા આવશે



**વિધીકાર**

**રાજાનંદુ એન્ડ પાર્ટી**

**શ્રી અસલ્ફા અચલગચ્છ જૈન સંઘ**

તરફથી **તપાનુષ્ઠાન - વંદનાવલી -**

વિવેચક : **અજીતભાઈ સર**

શાસન ગચ્છાધિષ્ઠાયીકા ચક્રેશ્વરી -

**મહાકાલી માતાજીની ભાવના**

શ્રી સંઘ તરફથી સાધર્મિક ભક્તિ

રાત્રે ૯.૦૦ વાગે

**મા. પ્રેમિલાબેન પદમશી લોડાયા**

**શ્રી સાએરા જૈન મહાજન**

પખાવાજ મંડળ ભાવના ભણાવશે.

આજે છે તપનું અંતિમ બેસણુ ચાર ગતિ નું કરવું છે ઉઠમણું

(ત્રણેય દિવસ પ્રભુજીની નયનરમ્ય અંગરચના **મા. પ્રેમિલાબેન વીશનજી કુંવરજી છાડવા** (તાલા પરિવાર) માપર...

**ભદ્રતપ પારણાના લાભાર્થી : અ.સૌ. જયશ્રીબેન હસમુખ ગાલા** (ગામ ભોજાય)ના ઘરે ૫ તપસ્વીઓના સકલ સંઘ સાથે પગલાં, ને ત્યાર બાદ ઉપાશ્રયમાં સકલસંઘના નવકારશી **શ્રી અચલગચ્છ જૈન સંઘ** તરફથી

ભદ્રતપના તપસ્વીઓને શ્રી સમેત શિખરજી તિર્થયાત્રા **અ.સૌ. જયવંતીબેન દેવચંદ ચાંપશી છેડા પરિવાર** (માપર) તરફથી

**ચાંદીના - કમળ, પારણું, છત્રાતિછત્ર, ગહુલી પાટલો, અને ત્રિગડો ગઢ જર્મન સિલ્વર ઉજમણાં રૂપ ભાવિકોને સંઘે અર્પણ કર્યું.**

**પૂજ્યશ્રી હિતપ્રજ્ઞાશ્રી મ.સા.** લખાવે છે કે સમગ્ર ચોમાસા કરાવનાર સંઘો, ગુરૂજનના સ્વજનો - પરિજનો - ગુરૂભકતોને આ સાથે આમંત્રણ પાઠવે છે. સૌ પધારશો.

**પ.પૂ. ઋતુપ્રજ્ઞાશ્રીજી મ.સા.** સાથે જોડાયેલા સંઘો, માપર, ખાર, થાણા, સંઘો ને ખાસ પધારવા અનુરોધ.

**એજ લી શ્રી અસલ્ફા અ. ગ. જૈન સંઘના સબહુમાન પ્રણામ... જય જિનેન્દ્ર**



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966**

**જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા વર્ષોથી પશુ સેવામાં પ્રવૃત્ત છે. ગાય, ભેંસ, વાછરડા, બળદ, પાડા, વૃદ્ધ, અશક્ત, બીમાર - કુલ ૧૮૦ ઢોર હાલમાં આશ્રય લઈ રહ્યા છે. તેમને ઘાસચારો, આહાર, દાણ, ડોક્ટરી સેવાઓ, દવા, માવજત વગેરે નિયમિત પૂરી પડાય છે. ૮ કર્મચારી ઢોરો ની સેવામાં પ્રવૃત્ત છે.

ઘાસચારા તથા ખાધાખોરાકીના મોંઘા ભાવ તથા સારા પગાર ધોરણો ના કારણે માસિક રૂપિયા ૩ લાખ જેટલો ખર્ચ થાય છે, જે જીવદયા પ્રેમી ઉદારદિલ દાતાઓ, મહાજનો, સંઘો, ટ્રસ્ટોના દાન સહયોગ થી પૂરું કરાય છે. તાજેતરના આર્થિક નિયમોના અમલના પરિણામે, સંસ્થાને મળતા દાનમાં રૂકાવટ વર્તાય છે.

**ખર્ચ ને પહોંચી વળવા દાતાઓની લાગણી તથા સુચનને અનુસાર દાન માટે વિશિષ્ટ ''વાર્ષિક સહાયતા યોજના''નું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું છે.**

## યોજનાની રૂપરેખા

**૧) આ યોજના ૧ ઑક્ટોબર, ૨૦૧૭થી ૩૧ ડીસેમ્બર, ૨૦૧૮ દરમિયાન ૧૫ મહીના અમલમાં રહેશે.**

**૨) દાતા દ્વારા દર મહીનાનું રૂપિયા ૧,૦૦૦/- પ્રમાણે દાન સ્વીકારાશે.**

**૧) ઑક્ટોબર - ડીસેમ્બર ૨૦૧૭ રૂા. ૩,૦૦૦/-**

**૨) જાન્યુઆરી - ડીસેમ્બર ૨૦૧૮ રૂા. ૧૨,૦૦૦/-**

**કુલ રૂા. ૧૫,૦૦૦/-**

**૩) દાનની રકમ દાતા અનુકુળતા મુજબ દર મહિને/હપ્તાથી/એકસાથે આપી શકશે.**

**૪) ૧૫ મહીના દરમિયાન વચ્ચે થી પણ દાતા યોજનામાં સામેલ થઈ શકશે.**

## વાર્ષિક સહાયતા યોજના : દાતાઓની નામાવલી

૧) શ્રી કાંતિલાલ કરમસી વિકમસી
૨) શ્રી શાંતિલાલ મુલજી શિયાળ
૩) શ્રી વસંત કરમસી વિકમસી
૪) શ્રી મણિકાન્ત હિરજી ધુલ્લા
૫) શ્રીમતી નવલબાઈ સોમચંદ મુનવર, બેલ્લારી
૬) શ્રી રાજેશ આણંદજી ખોના
૭) શ્રી પ્રવિણ દેવજી ખોના
૮) શ્રી મહેન્દ્ર દેવજી ખોના
૯) શ્રી ભરત મુરજી મૈશેરી
૧૦) શ્રી કિશોર ખીમજી ખોના (કાયાણી)
૧૧) માતુશ્રી લીલબાઈ શિવજી લોડાયા
૧૨) માતુશ્રી પુષ્પાબાઈ ધનરાજ મુનવર
૧૩) ગ્રાફિક્સ ઈન્ડિયા (દિપક પુનશી લોડાયા)
૧૪) ડૉ. મિસિસ વિરલ દીપ લોડાયા, સાંધવ
૧૫) શ્રી અશ્વિન મોહનલાલ પવાણી, બેંગલોર
૧૬) શ્રી રાયચંદ માલસી મોતા, સેલમ
૧૭) શ્રી દુષ્યન્ત રાયચંદ મોતા, સિંગાપુર
૧૮) ભારતી રાજેન્દ્ર નાગડા, યુએસએ
૧૯) પાર્થ અમી દિપક મૈશેરી, યુએસએ
૨૦) માતુશ્રી પ્રેમીલાબાઈ પદમસી ખોના
૨૧) સ્વ. રમેશ ગોવિંદજી મૈશેરી, જખૌ
૨૨) સ્વ. પંકજ પ્રતાપ લુઠીયા, જખૌ
૨૩) માતુશ્રી દેવકાબાઈ ડુંગરશી મૈશેરી
૨૪) શ્રી ખેતસી મુરજી શિયાલ
૨૫) કુ. અનિશા અરવિંદ મહાજન, થાણે
૨૬) શ્રી શિવજી ડુંગરસી મૈશેરી
૨૭) શ્રી મધુકાન્ત પદમસી ખોના
૨૮) શ્રી કિરીટ ખેતસી મનુવર

## વાર્ષિક સહાયતા યોજના : દાતાઓની નામાવલી

૨૯) શ્રીમતી માલતી હરીશ ધરમસી
૩૦) શ્રી ધર્મેન્દ્ર રતિલાલ નાગડા
૩૧) માતુશ્રી લક્ષ્મીબેન વસનજી નાગડા
૩૨) શ્રી વિજય મેઘજી મૈશેરી, બેલ્લારી
૩૩) શ્રી પ્રતાપ હિરજી ધુલ્લા
૩૪)શ્રી કીશોર કરમસી વિકમસી
૩૫) શ્રી હરીશ દામજી ખોના, ગાંધીધામ
૩૬) શ્રી હરીશ લક્ષ્મીચંદ મૈશેરી
૩૭) કુ. હેમલ ચિમનલાલ શિયાલ
૩૮) શ્રી ચિમનલાલ મુલજી શિયાલ
૩૯) શ્રી આનંદ વિષ્ણુ નાઈક
૪૦) શ્રીમતી મેઘના સુનિલ ખોના, જલગામ
૪૧) શ્રી જેઠાલાલ ડુંગરશી લોડાયા
૪૨) માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ લોડાયા
૪૩) શ્રી તેજપાર નરસી શિયાલ, બારામતી
૪૪) શ્રી શરદ મેઘજી મૈશેરી, બેલ્લારી
૪૫) શ્રી રતિલાલ કેશવજી શિયાલ, રાયપુર
૪૬) માતુશ્રી જવેરબેન પુનશી દામજી ખોના
૪૭) માતુશ્રી કાંતાબેન વિરચંદ માણેકજી લોડાયા
૪૮) માતુશ્રી નવલબેન જૈચંદ લોડાયા, વડોદરા
૪૯) માતુશ્રી વિમલાબેન વિરચંદ શિયાલ, નાંદેડ
૫૦) શ્રી કુલીનકાંત ખેતસી જીવાણી, રાયપુર
૫૧) શ્રી સુમતીનાથ શ્વેતામ્બર મુ.પૂ. જૈન સંઘ, નાગપુર
૫૨) ઉર્મિલાબેન પંકજકુમાર મોમાયા
૫૩) માતુશ્રી હેમલતા પ્રતાપ લોડાયા, સુથરી

ઉપરોક્ત દાતાઓનો ''વાર્ષિક સહાય યોજના''માં ઉદારદિલથી સહભાગી થવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ, આભાર.

## શ્રી જખૌ પાંજરાપોળ ને રૂા. ૨ લાખનું માતબર દાન

**શેઠ શ્રી ભૂપેન્દ્ર મેઘજી ભેદા**, માટુંગા - વારાપધરવાલા
તરફથી રૂપિયા બે લાખ (૨ લાખ)નું માતબર દાન શ્રી જખૌ પાંજરાપોળ ને આપવામાં આવ્યું છે.
દાતાશ્રી ને ધન્યવાદ સાથે આભાર તથા મૂંગા જીવો પ્રત્યેની
અનુકમ્પાની ભૂરી ભરી અનુમોદના.

દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.
દાતાઓ નો ઉદાર સહયોગ અપેક્ષિત છે. આ યોજના સિવાય પણ દાન સ્વીકારાય છે.

**Banking Details :**

Name : **Sri Jakhau Panjrapol Trust & Gaushala**

Mumbai :
**Shri Arihant Co-op. Bank Ltd.,**
Chinch Bandar Branch
A/c # 004001000558.
IFSC - ICIC 00 ARIHT

Naliya - Kutch :
**Dena Bank,**
Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા** વતી થી,

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના**
મુંબઈ - થાણા
મો.: 93239 17075 ઈમેલ : mdkhona@hotmail.com

# સંસ્કારની સૌરભ

- અવંતિકા ગુણવંત



પીયુષે ઘરમાં અરુણા સાથે લગ્ન કરવાની વાત કહીને મધુભાઈ ઘાટો પાડીને બોલ્યા, 'બીજી જ્ઞાતિની છોકરી સાથે લગ્ન ? ના, ના હું નહિ ચલાવી દઉં.'

મધુભાઈએ અરુણાના ગુણ, સંસ્કાર, ભણતર કશુંય જોયા વગર વિરોધ કર્યો. પીયુષ વિનંતીના સૂરમાં બોલ્યો, 'બીજી જ્ઞાતિની છોકરી એટલે એના નામ પર ચોકડી મારી ના દો, પણ એક વાર એના મા-બાપને મળો, એના ઘરને જુઓ, એને જુઓ ને કોઈ નિર્ણય લો !' પણ મધુભાઈએ દીકરાની વાત સાંભળી જ નહિ. મધુભાઈનો સ્વભાવ જ એવો હતો. પોતે કહે એ જ સાચું, પોતે કહે એમ જ ઘરનાંએ કરવાનું. આજ સુધી ઘરમાં એમનો બોલ કદી ઉથાપાયો ન હતો. એમની ઈચ્છા આજ્ઞા બરાબર હતી.

પણ લગ્નની બાબતમાં પીયુષે બાપનું કહ્યું ન માન્યું. એણે અરુણા સાથે કોર્ટમાં લગ્ન કર્યા ને એને ઘરમાં લઈ આવ્યો. બાપને પગે લાગ્યો, ત્યારે બાપે મોં ફેરવી લીધું. મધુભાઈએ દીકરાને આશીર્વાદ ન આપ્યા. તેથી મધુભાઈનાં પત્ની તારાબહેન પણ મૂંગા જ રહ્યા. રાગિણી પણ ઈચ્છા હોવા છતાં ભાઈભાભીને આવકારી શકી નહીં. કોઈનું મૃત્યુ થયું હોય એમ ઘરમાં ભારેખમ વાતાવરણ થઈ ગયું, પરંતુ પીયુષ ઘર છોડીને ગયો નહિ.

એ સારૂં ભણેલો હતો. એક મલ્ટીનેશનલ કંપનીમાં ઊંચા હોદ્દા પર હતો. કંપની તરફથી રહેવા ફ્લેટ મળતો હતો પણ એક જ શહેરમાં રહેવું અને મા-બાપની જુદા ! એ એકનો એક દીકરો હતો. માબાપે ખૂબ પ્રેમ અને જતનથી એને ઉછેર્યો હતો. એણે માબાપને પોતાની પસંદગીની છોકરી સાથે લગ્ન કરીને દુઃખ તો પહોંચાડ્યું હતું. હવે એમને વધારે દુભાવવા એ તૈયાર ન હતો. એ પત્નીને લઈને ઘરમાં જ રહ્યો. પીયુષ નોકરીએ જાય પણ અરુણા તો આખો દિવસ ઘરમાં રહેતી. રસોઈ કરતી ને ઘરનાં નાનાં મોટાં કામ કરતી. મધુભાઈ વહુની ચાકરી સ્વીકારતા, પણ પ્રેમથી એની સાથે બોલતા નહિ.

અરુણા ધીરજથી સસરાના હૃદય પરિવર્તનની આશા રાખી રહી હતી. ત્યારે મધુભાઈ દિવસમાં એકવાર તો બોલતા, 'દીકરો છો ને વહુ બીજી જ્ઞાતિની લાવ્યો, પણ જમાઈ તો મારે શોધવાનો છે, હું આપણા ગોળનો જ છોકરો શોધીશ. આપણા ગોળનો હોય તો સગાનું સગપણ રહે, મીઠાશ રહે.'

સવાર સાંજ ઊઠતાં બેસતાં એક વાર તો આ રીતે હૈયાવરાળ નીકળે જ. અરુણા ચૂપચાપ સાંભળી રહે. એના માબાપ શિક્ષિત અને સુધારક હતાં. અરુણાએ બીજી જ્ઞાતિમાં લગ્ન કર્યાં, એમાં એમને કોઈ વાંધો ન હતો. તેઓ દીકરીનાં સાસરિયાં સાથે સંબંધ બાંધવા ઈચ્છતા હતા. તેમણે બેચાર વાર મધુભાઈને મળવા આવવાનો પ્રયત્ન કર્યો હતો, પણ મધુભાઈએ કદી એમને ભાવથી આવકાર્યા ન હતા. વિવેકથી પાસે બેસાડ્યા ન હતા. હેતથી વાતચીત કરી ન હતી. તેથી અરુણાએ જ કહ્યું હતું, 'તમને જુએ છે ને મારા સસરાનો ઉશ્કેરાટ વધી જાય છે માટે હમણાં તમે મારાં ઘેર આવશો નહીં.'

એકાદ વરસ આમ જ વીત્યું, મધુભાઈની મનોદશામાં કે ઘરની પરિસ્થિતિમાં કોઈ ફરક પડ્યો નહિ. અરુણાને એ પોતાની પુત્રવધૂ તરીકે સ્વીકારી શક્યા ન હતા. બધા ઉદ્વેગમાં જીવતાં હતાં ત્યાં પીયુષને કંપની તરફથી પરદેશ જવાનું થયું. ત્યાં ગયા પછી પીયુષ દર મહિને નિયમિત પૈસા મોકલતો, ને એ તથા અરુણા વિગતવાર લાંબા પત્રો લખતાં પણ મધુભાઈ કદી જવાબ લખતા નહિ ને એમની ધાકના લીધે ઘરમાંથી ય કોઈ જવાબ લખી શકતું નહિ.

*એથી બીજું શું આ ઈચ્છા હોય છે ? જે નથી એની અભિપ્સા હોય છે !*
*આમ એ હોને ભલે માધુકરી, યાચવું અંતે તો ભિક્ષા હોય છે.*

સમય જતાં રાગિણી માટે એમણે એમની જ્ઞાતિનો મુરતિયો જોઈને પરણાવી દીધી. એ લગ્નમાં એમણે પીયુષ કે અરુમાને આમંત્રણ પણ ન પાઠવ્યું. દીકરાની સાવ અવગણના કરી. દીકરા અને વહુ પર જાણે દાઝ કાઢી. તેઓ ખુશખુશાલ હતા કે દીકરીને જ્ઞાતિમાં પરણાવી પણ એ ખુશાલી લાંબું ન ટકી. દીકરીના સાસરિયાં લાલચુ ને લોભી હતાં. એ વારંવાર નવી નવી ચીજવસ્તુઓની માગણી કરતા ને રાગિણી વિરોધ કરે તો એને મારઝૂડ કરતાં.

મધુભાઈ દીકરીને પોતાના ઘેર પાછી તેડી લાવ્યા. પીયુષ અને અરુણાને ખબર પડી તો તેઓ તરત ઈન્ડિયા આવ્યાં. રાગિણીને પૂછ્યું, ‘બહેન, બોલ તારી શું ઈચ્છા છે? એ ઘેર પાછી જવા ઈચ્છતી હોય તો એમની માગણી મુજબ બધી વસ્તુઓ આપીએ. અમે તને સુખી જોવા ઈચ્છીએ છીએ.’

રાગિણીએ કહ્યું, ‘ના, એ લાલચુ લોકોના ઘેર મારે નથી જવું.’ ‘તો છૂટાછેડાનીકાર્યવાહી કરીએ.’

છૂટાછેડાનું નામ સાંભળ્યું તો મધુભાઈ ભડકી ઊઠ્યા, ‘ના, ના, આમ કરવાથી તો આબરૂ જાય.’ પણ પીયુષે એમને સમજાવ્યા, મનાવ્યા ને રાગિણીને છૂટાછેડા લેવડાવ્યા. પછી એને બીજે ઠેકાણે પરણાવી. રાગિણીના જીવનને સુંદર વળાંક મળ્યો. હવે એ ખુશ હતી. સુખી હતી. મધુભાઈ દીકરા-વહુ તરફ કૂણા બન્યા. હવે તો એ ઊઠતા બેસતા બોલતા, ‘પ્રભુએ મને બધાં સુખ આપી દીધા. હવે મારા પીયુષના ઘેર એક બાળક આવી જાય એટલે બસ.’

ઈશ્વરે એમની એ ઈચ્છા ય પૂરી કરી, પીયુષના ઘેર દીકરાનો જન્મ થયો. મધુભાઈ અને તારાબહેન અમેરિકા જઈને પૌત્રને રમાડી આવ્યાં. ને નીકળતાં પહેલા કહ્યું, ‘દીકરો સવા વરસનો થાય એટલે તમે ઈન્ડિયા આવજો. આપણે એની બાબરી ઊતરાવીશું, મોટો જમણવાર કરીશું.’ પણ મધુભાઈની એ ઈચ્છા ન ફળી. જોબ પર જતા પીયુષની કારને અકસ્માત થયો ને તત્કાળ સ્થળ પર જ એનું અવસાન થયું. મધુભાઈ કકળી ઊઠ્યા, ‘ઓ ભગવાન આ તેં શું કર્યું?’ કલ્પાંત કરતા મધુભાઈને સાંત્વન આપતા સૂરે અરુણા બોલી, ‘બાપુજી, તમે પડી ભાંગશો તો અમારું કોણ? તમે હિંમત રાખો.’

‘બેટા, તમે અહીં ક્યારે આવશો?’

‘અહીંનું સમેટીને હું ત્યાં આવું છું.’ ને બે ત્રણ મહિનામાં તો અરુણા નાનકડા દીકરા હર્ષને લઈને દેશમાં આવી. આવીને સસરાને પગે લાગીને પીયુષના વિમાની પૂરી રકમ સસરાના હાથમાં મૂકી.

‘આ શું? વિમાની રકમ પર તમારો હક હોય, તમે રાખો.’

‘બાપુજી, આ રકમ તમારી પાસે રાખો.’ વહુની વાત સાંભળીને મધુભાઈના મગજમાં વિચાર ચમક્યો, અરે વહુ તુ તો યુવાન છે, આખી જિંદગી એ શું કામ વૈધવ્ય પાળે? એ ફરી લગ્ન કરવા માંગતી હશે, માટે એનો દીકરો મને સોંપવા ઈચ્છતી હશે ને એની પરવરિશ માટે આ રકમ આપે છે. પરંતુ હવે એમનું હૈયું સહાનુભૂતિપૂર્ણ બન્યું હતું, અરુણાની દ્રષ્ટિએ વિચાર કરીને બોલ્યા, ‘તમે બીજે ગોઠવાઓ તો ય આ પૈસા હશે તો તમને સુગમતા રહેશે, તમે મારી ચિંતા ન કરો.’

અરુણા એકાદ ક્ષણ મૌન રહી, પછી ગળગળા અવાજે બોલી, ‘આ પળે તો મારો એવો વિચાર નથી. આ હર્ષને ઉછેરવામાં કેળવવામાં મારું ધ્યાન કેન્દ્રિત કરવા ચાહું છું.’

‘તો આ પૈસા એના નામે મૂકો.’

‘બાપુજી, એના માટે તો હું કમાઈ લઈશ. આ રકમ તમે તમારી પાસે જ રાખો. તમને ટેકણ લાકડી લાગે.’

‘બેટા, મારે પૈસો નથી જોઈતો. આજ સુધી તમે જે રીતે મારું ધ્યાન રાખ્યું છે એ રીતે ધ્યાન રાખજો.’

‘બાપુજી, ધ્યાન તો હું રાખીશ પણ આ પૈસા ય તમારા હસ્તક રાખો. ઘડપણમાં પૈસો તાકાત ગણાય.’

અરુણાના શબ્દો સાંભળીને મધુભાઈ રડી પડ્યા. ઓહ જેને હું પારકી કહેતો હતો, મારા ઘરમાં આવકારતો ન હતો એ મારો કેટલો ખ્યાલ રાખે છે! એ કેટલી ઉદાર છે!

એણે ધાર્યું હોત તો આ હર્ષ મને સોંપીને ફરી લગ્ન કરત, પણ ના, એ તો મારો ખ્યાલ રાખે છે. એમના હૃદયમાંથી પુત્રવધૂ માટે આશીર્વાદનો ધોધ વહ્યો. હર્ષને છાતી સરસો ચાંપીને એ બોલ્યા, ‘બેટા અરુણા, મારી ખરી તાકાત તો તમે છો. પ્રભુ તમને બેઉને સલામત રાખે.’

* * *

*લાખ ઉપાડો છતાં ઊપડે નહીં, પગ ઘણી વેળાએ શિલા હોય છે,*
*પ્રશ્ન હું એ કારણે કરતો નથી, એમાં ઉત્તરની અપેક્ષા હોય છે.*

*– રશીદ મીર*

## ધર્મસંદેશ - ૧૦૯

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨



### ઊભી ચાવીઓ -

૧) ચંદ્રપ્રભુના પિતા (૪)
૨) કાળની ગણના (૫)
૩) — દસમીના પાર્શ્વનાથનો જન્મ થયો (૨)
૫) કિન્નર યક્ષ જેમના છે તે તિર્થંકર (૪)
૬) — સુદ તેરસ એટલે મહાવીર સ્વામીનો જન્મ કલ્યાણક દિવસ (૨)
૧૦) પર્યુષણ એ — નું પર્વ છે (૨)
૧૨) આ વીસ તીર્થંકરની નિર્વાણ ભૂમિ છે (૭)
૧૩) આ તીર્થના મુળનાયક આદેશ્વર છે (૩)
૧૫) જૈનોમાં આ યાત્રાનું મહત્વ ઘણું છે (૨)
૧૬) રજને દૂર કરવાનું સાધન જે સાધુ વાપરે (૫)
૨૦) તીર્થંકર ભગવાન ના મુખ્ય શિષ્ય (૪)
૨૧) આમાં ભગવાનનું મુખ જોઇ તમારા જેવા અમને બનાવજો એવી ભાવના કરાય (૩)
૨૨) સહસ્ત્રફણા પાર્શ્વનાથને ઘણી — હોય છે (૨)
૨૪) સ્વભાવની — તા એજ ધર્મની સીડી છે (૩)
૨૬) ચોખા (૩)
૨૮) એક જ — તિર્થંકર મલ્લીનાથ (૨)
૨૯) માતંગ એ સુપાર્શ્વનાથ ના — છે (૨)

### આડી ચાવીઓ -

૧) આ તીર્થંકરનું લાંછન તથા તેમના પિતાનું નામ એક જ છે (૪)
૨) એક તપ (૫)
૪) પાર્શ્વનાથનું લાંછન (૨)
૬) જિનાલય (૨)
૭) — — ચંદનબાળા વિનવે છે આજ (૨)
૮) ધર્મનું ઉલટું (૩)
૯) રોહીણી એ વાસુપૂજ્યનું શું છે ? (૩)
૧૧) યોજન એ શું છે (૨)
૧૪) શાંતિનાથનો દસમો ભવ એટલે — રાજા (૪)
૧૭) ત્રિશલામાતાનું પ્રથમ સ્વપ્ન (૨)
૧૮) દાન કરવા યોગ્ય — ક્ષેત્રો છે (૨)
૧૯) ૧૦૮ માનાં એક પ્રાર્શ્વનાથ (૪)
૨૩) દર્શન કરી પ્રભુ સમક્ષ ત્રણ — અપાય (૪)
૨૫) મહાવીર સ્વામીની દેશના સાંભળી સંયમ માર્ગે ગયા (૬)
૨૭) દેવાલય (૪)
૩૦) એક સાથે — વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકે તેવી યાદશક્તિ (૧)
૩૧) આ પાર્શ્વનાથ ની પ્રતિમા અર્ધ પદ્માસનમાં જમીનથી થોડી અધ્ધર છે (૪)

ઉકેલ : આડી ચાવીઓ -
(૧) મલીનાથ (૨) સાઢપોરીસી (૪) નાગ (૬) ચૈત્ય (૭) રોતી (૮) અધર્મ (૯) નક્ષત્ર (૧૧) માપ (૧૪) મેઘરથ (૧૭) ગજ (૧૮) સાત (૧૯) જોતિંગડા (૨૩) ખમાસણા (૨૫) ધન્નાઅણગાર (૨૭) જિનાલય (૩૦) સો (૩૧) અંતરીક્ષ

ઊભી ચાવીઓ -
(૧) મહાસેન (૨) સાગરોપમ (૩) પોષ (૫) ધર્મનાથ (૬) ચૈત્ર (૧૦) ક્ષમા (૧૨) સમેત શિખરજી (૧૩) કાંગડા (૧૫) રથ (૧૬) રજોહરણ (૨૦) ગણધર (૨૧) દર્પણ (૨૨) ફણા (૨૪) સરલ (૨૬) અક્ષત (૨૮) નારી (૨૯) યક્ષ

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ભલારા દાદા તથા શ્રી સચ્ચાઈ માતાજી વરંડી મોટી, ધ્વજા મહોત્સવ

શ્રી ભલારા દાદા તથા શ્રી સચ્ચાઈ માતાજી વરંડી મોટી કચ્છ સ્થાનકે ધ્વજા મહોત્સવ ૨૨-૧૧-૨૦૧૭ તથા ૨૩-૧૧-૨૦૧૭ દરમ્યાન આયોજાયેલ છે. શિખર ઉપર ધ્વજા માતુશ્રી ચંદનબાઈ દેવશી લોડાયા, વરાડીયા પરિવાર તેમજ ધુમ્મટની ધ્વજા માતુશ્રી ચંદનબાઈ કલ્યાણજી લોડાયા, વરંડી પરિવાર હસ્તે પ્રિયંકા જીતેન્દ્ર સોની તથા નયનાબેન વિરેશ લોડાયા દ્વારા ચડાવવામાં આવશે.

ધ્વજા દરમ્યાન સ્થાનકે પધારનાર ભાવિકોએ આગમનની જાણકારી આપવા નમ્ર વિનંતી. જેવી સ્થાનકે સગવડ કરવા સુગમતા રહે. સંપર્ક : રમેશ લોડાયા - 9892003940, મણિલાલ ડી. શાહ - 93222 76296, અનિશ ડી. લોડાયા - 9833511685.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા - તપચક્રવર્તી તપસ્વીરત્ન ગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ને સાંવત્સરિક વંદન - ચૈત્ય પરિપાટી - મુંબઈ થી દેવલાલી

દેવલાલી મુકામે ચાતુર્માસાર્થે બિરાજમાન ગચ્છાધિપતિ પૂ. તપસ્વીરત્ન, તપચક્રવર્તી આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને ૫-૯-૨૦૧૭ મંગળવાર ભા.સુ. ૧૫ના શુભ દિવસની વહેલી સવારે મુંબઈના વિવિધ સ્થાનોથી ૨૩૧ યાત્રિકોસહ પ્રસ્થાન કરી પડઘા મુકામે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયે દેવ દર્શન તથા નવકારશીની વ્યવસ્થા કરવામાં આવેલ. નવકારશીને ન્યાય આપી સર્વે ગચ્છાધિપતિશ્રીને વંદનાર્થે દેવલાલી તરફ પ્રયાણ કરેલ.

દેવલાલી સ્ટેજ કાર્યક્રમ માણી, સાધર્મિક ભક્તિનો લાભ લઈ સાહેબજીને ઉપાશ્રયમાં સાંવત્સરિક વંદન કરેલ. દેવલાલીથી પરત મુંબઈ તરફ આવતાં સમય અનુકૂળતાએ ૨ બસોના યાત્રિકો દ્વારા ધર્મચક્ર તીર્થે દર્શન-વંદન વિધિ બાદ બધા જ યાત્રિકો સાંજે ચૌવિહાર માટે શાહપુર તીર્થે પધારી ચૌવિહાર, દેવ-દર્શન વિધિ કર્યા બાદ મુંબઈ તરફ પ્રયાણ કરેલ.

નવકારશી દાતા : માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ, મુંબઈ, બસ નં. ૧ દાતા - શ્રી હિરેન નવિનચંદ્ર લાપસીયા - મુંબઈ ભાઈશ્રી હિરેનના જન્મદિન નિમિત્તે બસ નં. ૨ દાતા - માતુશ્રી પુષ્પાબાઈ દામજી લોડાયા, બાંઢીયા-ભાંડુપ, હ. મનોજભાઈ લોડાયા (ફાઈવસ્ટાર કેટરર્સ) બસ નં. ૩ દાતા - માતુશ્રી મણિબાઈ ખેતશી મોમાયા, સાંયરા હ. ઉત્તમભાઈ ખેતશી મોમાયા

દરેક યાત્રિક પાસેથી રૂા. ૧૫૦/- લેવામાં આવેલ. તેમજ રૂા. ૪૪,૦૦૦/- પંચવર્ષિય દાતાઓના ફાળામાંથી વાપરવામાં આવેલ સર્વે યાત્રિકો તથા દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના.

### શ્રી ક.દ.ઓ. મહાજન, હુબલી

અત્રે શ્રી ભગવતી મહાકાલી મંડળના ઉપક્રમે એકવીસમો નવરાત્રી ઉત્સવ ઉજવાયો. વિજયા દશમીના વહેલી સવારે પુ મહાકાલી માતાજીની આરતી ઊતાર્યા બાદ નવકાર મંત્રથી કાર્યક્રમની શરૂઆત થઈ. કાર્યક્રમના મુખ્ય દાતાશ્રી સૌ. ગીતાબેન વીરેન્દ્ર છેડાને સૌ. ચેતનાબેન મોમાયાના હસ્તે સન્માનવામાં આવેલ. દાતાઓનું પણ સન્માન કરાવેલ. શ્રી શાંતિલાલ રામજી લાલકાએ આભાર વિધી કરેલ. જુના ફિલ્મી ગીતો પર વીસ યુગલોએ રેટ્રો ડાન્સ કરેલ. તેમને સૌ. નિકિતાબેન બીનોય મોમાયાએ તથા એક ગરબામાં ૧૪ યુવતીઓને સૌ. જિનીશાબેન મયુર પટેલે તાલીમ આપેલ.

ત્યારબાદ હરીફાઈઓના વિજેતાઓ તેમજ ફટાકડા ન ફોડનાર ૪૨ બાળકોને ઇનામ વિતરણ કરાયા હતા.

માતુશ્રી દેકાબાઈ વેલજી દેસાઇ પરિવારે અલ્પાહારનો લાભ લીધો. વર્ષ દરમ્યાન યોજેલ વિવિધ હરીફાઈઓમાં વિજેતાઓને પણ ઇનામો અપાયેલ.

નિબંધ હરિફાઈ વિષય : મારા સાસુજી, વિજેતા સૌ. ડીમ્પલ ઉદય કુરૂવા, નાના બાળકો ફેન્સીડ્રેસમાં પ્રથમ હેતવી જતિન મોમાયા, દ્વિતીય માહી મયુર પટેલ રહ્યા હતા. બાળકો (૮ થી ૧૫ વર્ષ) પ્રથમ વિધીતા ઉદય કુરૂવા દ્વીતીય બકુલ નાગડા અને રંગપુરણી હરીફાઈ : (બાળકો ૧૦ વર્ષ સુધી) પ્રથમ દેવ નિલેષ શાહ અને દ્વિતીય આદીત્ય દેવાંગ મોમાયા, (બાળકો ૧૦ થી ૧૮ વર્ષ સુધી) પ્રથમ દષ્ટી વિનોદ ધુલ્લા, દ્વીતીય ભક્તિ મનીષ નાગડા, આશ્વાસન અક્ષીતા સિધ્ધાર્થ મૈશેરી. તમારી પત્નિને શીખર પર બેસાડો (ખુરશીની રમત) વિજેતા આદીશ અનુપ ખોના કે જેમણે પોતની પત્નિ સૌ. ઉર્વશીને ૧૦મી ખુરશીથી એક પછી એક કરતાં ૧૭મી ખુરશી પર બેસાડ્યા હતા.

ગરબો 'મોર બની થનગાટ કરે'' નું મળેલ પારિતોષિક ૧૪ યુવતીઓએ રૂા. ૧૦૦૧/- પક્ષીના ચણ માટે પાછું સુપરત કરેલ. કોઈપણ જોડીદાર સાથે દાંડીયા રાસમાં સૌ. ટીનાબેન શેઠ અને સૌ. ભક્તિબેન પટેલ અને સિધ્ધાર્થ અને

સૌ. રેશ્માબેન મૈશેરી ''ગેળદો'' એક જાતનું નૃત્ય તેમાં ક્ષમતા અને અભિનય માટે હિતેશ મુલચંદ ખોના અને સૌ. જિનીસાબેન મયુર પટેલ તથા વેશભુષા માટે આદીશ અનુપ ખોના અને સૌ. નિકીતાબેન બિજોય મોમાયાને ઈનામો અપાયેલ.

**બાળ આયોગ ગાંધીનગર દ્વારા બાળમિત્ર એવોર્ડ**

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ગાંધીનગર દ્વારા બાળ આયોગ સ્થાપના દિવસની ઉજવણી ટાઉનહોલ ગાંધીનગર મધ્યે ગત ૨૯ સપ્ટેમ્બરના કરવામાં આવી હતી. કાર્યક્રમનું મુખ્ય મહેમાનપદ રાજ્યનાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી આત્મારામભાઈ પરમારે શોભાવ્યું હતું.

અમદાવાદનાં ડી.વાય.એસ.પી. પનાંબેન મોમાયાને બાળ મિત્ર એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ. માનવજ્યોત સંસ્થા ભુજનાં શ્રી પ્રબોધ મુનવરની રાષ્ટ્ર અને રાજ્ય સ્તરે ગુમથયેલા બાળકોને શોધી આપવાની તથા બાળશ્રમયોગીઓને મજુરી કામમાંથી મુક્ત કરાવી અક્ષરજ્ઞાન આપવાની પ્રવૃત્તિને ધ્યાને લઈ તેઓને ''બાળમિત્ર'' એવોર્ડ અર્પણ કરવામાં આવેલ.

**વતનનાં વહેણ : અબડાસામાં દૂધની રેલમછેલ.. રોજ ૨૦ લાખનું વેચાણ**

ચાલુ ચોમાસું સારું જવાની સાથે સમયાંતરે સારો વરસાદ થતાં ખેતી પછી પશુપાલન વ્યવસાયવાળા અબડાસા તાલુકામાં ઘણા લાંબા સમય પછી પશુપાલન ક્ષેત્રે એક હકારાત્મક બદલાવ જોવા મળી રહ્યો છે.

સીમતળની જમીનમાં જ્યાં-જ્યાં નજર કરો ત્યાં ઘાસરૂપી હરિયાળી છવાઈ ગઈ છે. ધરતીએ જાણે લીલી ચૂંદડી ઓઢી હોય એવા આંખ ઠારતાં દશ્યો ઠેકઠેકાણે જોવા મળે છે. અબડાસા તાલુકામાં વારંવાર પાછોતરા અનિયમિત અને ઓછા વરસાદના પગલે દર વર્ષે ઘણાબધા માલધારી પશુપાલકો પોતાનો વંશપરંપરાગત પશુપાલન વ્યવસાય છોડી અન્ય ધંધા તરફ ઢળતા હોય છે. પણ ચાલુ વર્ષે કુદરતની મહેરના પગલે પશુપાલન વ્યવસાયમાં નવા પ્રાણ આવ્યા છે. કુદરતે જાણે આ વ્યવસાય પર કૃપા વરસાવી હોય તેમ દુધાળા ઢોરોમાં દૂધનું પ્રમાણ એકાએક વધવાની સાથે બમણું થઈ ગયું છે. તો ઢોર નિભાવ ખર્ચમાં પણ ૩૦ થી ૫૦ ટકા જેટલો ઘટાડો થતા માલધારી વ્યવસાય સાથે સંકળાયેલા લોકો પર લક્ષ્મીજીના આશીર્વાદ વરસી પડ્યા છે.

છેલ્લા એકાદ દાયકા દરમ્યાન માલધારીઓને ઘરઆંગણે દૂધ વેચાણની સુવિધા મળી ગઈ છે. ૧૧૮ જેટલી દૂધ ઉત્પાદક મંડળીઓ દ્વારા દૈનિક ૪૬૦૦૦ (છેતાલીસ હજાર) લિટર દૂધ એકઠું કરાય છે. પ્રતિ ફેટના ૬.૫૦ થી ૬.૬૦ ના ભાવથી દૂધ ખરીદાય છે. આ રીતે દરરોજ રૂા. ૧૮ થી ૨૦ લાખની કિંમતનું દૂધ ડેરીવાળા ખરીદે છે.

અબડાસામાં દુધાળા ઢોરોની સંખ્યા જોઈએ તો ગાય ૭૨,૭૫૧, ભેંસ ૨૮,૬૬૨ (પશુપાલન વિભાગ મુજબ ૨૦૧૨ની ગણતરી), બકરી ૯૮,૩૬૩ અને ઘેટા-ઘેટી ૫૩,૫૯૦ છે. તાલુકામાં દૈનિક દૂધની ખપત ૮૦ હજાર લિટરની છે. દૈનિક પાંચ હજાર લિટર દૂધ પ્રોસેસ થઈ અમૂલ, માહી દ્વારા અહીં આવે છે. બાકીનો જથ્થો સ્થાનિકેથી જ મળી રહે છે. પાઉચવાળું દૂધ મુખ્યત્વે ઔદ્યોગિક એકમો, વાયુદળ, જખૌ બંદરીય વિસ્તાર, નલિયા, કોઠારા સહિતના વિસ્તારમાં વેચાય છે.

પશુપાલન વ્યવસાય સાથે ચારથી પાંચ હજાર લોકો સંકળાયેલા છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ૧ કે ૨ ભેંસ અને ગાયનું દૂધ વેચી આવા લોકો દૈનિક રૂા. ૫૦ થી ૩૦૦ ની રોજગારી મેળવે છે. એટલું જ નહીં પોતાના ઘરેલુ વપરાશ માટેનું દૂધ પણ પાલતુ દૂધાળા ઢોરોમાંથી મેળવી લે છે.

૧૦૦ ટકા માલધારી વસ્તીવાળા કરમટા ગામના માલધારી અગ્રણી રાજેશભાઈ રબારીના જણાવ્યાનુસાર અગાઉ માલ માટે ચારો વેચાતો લેવો પડતો હતો. હવે કોઈ આ પ્રકારનો ખર્ચ નથી. વરસાદ પહેલાં ડેરીને દૈનિક ૧૫૦ થી ૨૦૦ લિટર દૂધ અપાતું. વરસાદ બાદ દૈનિક ૪૦૦ થી ૫૦૦ લિટર દૂધ ડેરીઓને અપાય છે. ગાયના દૂધના પ્રતિ લિટરે રૂા. ૨૫ અને ભેંસના દૂધના પ્રતિ લિટરે રૂા. ૫૦ થી ૫૫ મળે છે.

સીમતળમાં તળાવ, તળાવડીઓ પાલર પાણીથી છલકાતાં પાલર પાણીની પણ આ મૂંગા ઢોરો માટે કુદરતે સુવિધા કરી આપી છે. સીમતળમાં પોતાની મસ્તીમાં ચરિયાણ કરતા પશુધનને જોઈ જીવદયા, પ્રશુપ્રેમીઓ આનંદિત બન્યા છે. આમ તો ચરિયાણ માટે ખુલ્લી જમીન મર્યાદિત છે તેમ છતાં રોડની આજુબાજુ, ખેતરના સેઢા, ખરાબાવાળી જમીનમાં પશુધન પોતાનો ગુજારો કરે છે.

અબડાસામાં એક સમયે ઘરેલુ ઘી ઉપરાંત માવાનો વ્યવસાય ફૂલ્યો ફાલ્યો હતો પણ દૂધ ડેરીઓના આગમન પછી મોટાભાગનું દૂધ ડેરીઓ દ્વારા ખરીદી લેવાતા હવે માવા અને ઘીનો વ્યવસાય મંદ પડ્યો છે. એકંદરે, સારા ચોમાસાના પગલે અબડાસામાં કુદરતી શ્વેતક્રાંતિ આવી ગઈ છે.

**બાયઠ ગામમાં પર્યુષણ પર્વ**

પર્યુષણ પર્વની આરાધના કરાવવા માટે મુંબઈ આર્યરક્ષિત

**કુટેલી બુંદીના લાડુ ડોંબીવલીમાં, ફરસાણ રૂા. ૬૦/-** (૩૫૦ ગ્રામ), મિઠાઈ, ફરસાણ, ચીકી, વેફર્સ ખાખરા, મુખવાસ, કચ્છના પેંડા, સાટા, ગાઠીયા, પકવાન, વડોદરાની ફરસાણ, લાલબાગના લાડુ. સારી ક્વૉલિટીમાં બનાવેલ, સાધુ ભગવંતોને વહોરવા લાયક. સ્થળ : **દિલીપ નાગડા - 9773115251** • ૧૦૧, મલ્હાર પેલેસ નં.૧, કસ્તૂરી પ્લાઝાની સામે, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ).

તત્વજ્ઞાન વિદ્યાપીઠથી શ્રીમતી નયનાબેન વલ્લભજી ગોસર તથા શ્રીમતી જ્યોતિબેન જયેશ શાહે પોતાની આગવી શૈલીથી સુંદર રીતે આરાધના કરાવેલ. દરરોજ સ્નાન પૂજા, ભક્તામર ધાર્મિક ઉપદેશ થયેલ. ભક્તામર દરમ્યાન લક્કી ડ્રો તથા વ્યાખ્યાન બાદ પ્રભાવનાનો અલગ અલગ ભાગ્યશાળીએ લાભ લીધેલ પોથી (કલ્પસુત્ર) તથા પારણુ માતુશ્રી દમયંતિબેન ઉમરશી પોલડીયા પરિવારે લાભ લીધેલ કલ્પસુત્ર વરઘોડામાં શણગારેલ બેલ બળદગાડીમાં ગામને પ્રદિક્ષણા કરેલ. આરાધના કરવા માટે મુંબઈથી તેમજ દેશ દેશાવરથી લગભગ ૫૫ થી ૬૦ ભાવિકો પધરેલ. કલ્પસૂત્ર તથા બારસા સુત્ર વહોરવાનો લાભ માતુશ્રી નિર્મલાબેન રતીલાલ નાગડા પરિવારે લીધેલ. પર્વ દરમ્યાન એક અઠ્ઠાઈ તથા અગિયાર જણે એકાસણાની તપસ્યા કરેલ. તપસ્વીઓનું બહુમાન મહાજનશ્રીએ કરેલ. પર્વ દરમ્યાન મહાકાળી માતાજીની ભાવનાનો લાભ શ્રી વીરચંદ માણેકજી મૈશેરી કોઠારાવાળાએ લાભ લીધેલ. તેમ મોટી પૂજા (પાર્શ્વનાથ પંચકલ્યાણ) માતુશ્રી પ્રભાવતીબેન પાનાચંદ મૈશેરી પરિવાર તથા માતુશ્રી દમયંતીબેન ઉમરશી પોલડીયા પરિવારે લાભ લીધેલ. સ્વપ્નાનું કુલઘૃત ૯૨૦૦૦ મણ થયેલ. તપસ્વીઓને પારણા કરાવવાની તેમજ શેઠશ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા આરીખાણા હ. સોમચંદ ભાઈએ લીધેલ.

પર્વ દરમ્યાન દસ દિવસની સાધર્મિક ભક્તિનો લાભ અલગ અલગ ભાગ્યશાળીઓ એ લીધેલ. ભાદરવા સુદ ૬ના મહાવીર પ્રભુનો ગંભારો ખોલવાનો લાભ માતુશ્રી રતનબેન વેલજી આણંદજી પોલડીયા પરીવારે લીધેલ. તેમજ આદેશ્વર પ્રભુજીનો ગંભારો ખોલવાનો લાભ માતુશ્રી કસ્તુરીબેન હીરજી કાનજી પીર – નલીયા પરિવારે લીધેલ.

**વાર્ષિક ચડાવા :** પક્ષાલ – શ્રી લાલજી ડુંગરશી ગોસર પરિવાર હ. વિજયાબેન, અંગલુછણા – શ્રી નારાણજી માયાભાઈ ધુલ્લા પરિવાર હ. કાંતાબાઈ, ચંદન (કેસર) – માતુશ્રી નિર્મલાબેન રતીલાલ નાગડા પરિવાર હ. જીતેન્દ્રભાઈ, પુષ્પના – માતુશ્રી સુશીલાબાઈ જેઠાભાઈ ધરમશી પરિવાર હ. ગીતેનભાઈ, ધૂપ (અગરબત્તી) – માતુશ્રી નિર્મલાબેન રતીલાલ નાગડા પરિવાર હ. જીતેન્દ્રભાઈ, ઘૃત (ઘી) – માતુશ્રી નિર્મલાબેન રતીલાલ નાગડા પરિવાર હ. જીતેન્દ્રભાઈ.

ભાદરવા સુદ ૭ ના ચૈત્ય પરિપાટી રૂપે બાયઠ સંઘ પૂ. મહારાજ સાહેબોને વંદન કરવા ગયેલ. જેનો લાભ માતુશ્રી ગોરબાઈ માયાંભાઈ ધુલ્લા પરિવારે લીધેલ.

### શ્રી ક.દ.ઓ. અમલનેર

અમલનેરમાં આસો સુદ – બીજ ૨૨-૯-૨૦૧૭ના રોજ શ્રી મહાકાલી માતાની ભાવના શ્રી પ્રતાપ જીવરાજ ખોનાનાં ઘરે ભણાવવામાં આવેલ સંઘની બહેનોએ સારી રમઝટ જમાવેલ.

### ખંડવામાં આયંબીલ

અત્રે આસો માલની આયંબીલ ઓળીમાં ૧૦૧ આયંબીલ થયા જેના સૌજન્ય લાભાર્થી સ્વ. ભરત વીસનજી ડાઘાના સ્મરણાર્થે સૌ. ગીતા વિનોદ ડાઘા (વરાડીયા) પરિવાર.




આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી

**સલીમ ભાઈ ઢોલી**

મો.: 093247 96076

093211 31232







લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


### સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. અહેવાલમાં જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. શક્યતઃ વધુમાં વધુ વિગતો પ્રગટ થશે. સમાચાર મોકલતી વખતે મોકલનારે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી અવશ્ય મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

### પત્રવ્યવહારમાં PS નંબર જણાવવા વિનંતિ

આપને મળતા 'પ્રકાશ સમીક્ષા'ના અંકના છેલ્લે પાને નીચેના જમણા ખુણામાં આપના સરનામાનું સ્ટીકર હોય છે તે ઉપર જે PS નંબર દર્શાવેલ છે તે અમારા રજીસ્ટરમાં આપનો કાયમી સંદર્ભ નંબર રહેશે. તેથી સરનામાં બદલ થવાની, અંક ન મળવાની અને જીવનચક્ર જેવી બાબતે પત્રવ્યવહાર કરતી વખતે ઉપરોક્ત સંદર્ભ નંબર અવશ્ય જણાવશો અન્યથા આપના પત્રના વિષયે ધ્યાન આપી શકાશે નહીં કે વિલંબ થશે તેની નોંધ લેવા વિનંતિ.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કેસરસિંહ નવીનચંદ્ર ધરમશી** | ૭૦૩, સન હાઈટ્સ, ૩૫, ગોયાગેટ સોસાયટી, પ્રતાપ નગર, |
| (PS 5033) | રીતેશ મેડીકલ સ્ટોર સામે, વડોદરા - ૩૯૦ ૦૦૧. |
| **સંજય ખેતશી ધરમશી** | રૂનવાલ એન્થોરિયમ લેમન ટાવર-૨, ફ્લેટ નં. ૧૬૦૧, |
| (PS 5621) | એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| | Sanjay 9930387527, Damayantiben 9742323503 |
| **ગુલાબચંદ વેરશી પોલડીયા** | ૫૦૨, સ્થાનુ કો.હા.સો., એસ. એલ. રોડ, વિઠ્ઠલ નગર, |
| (PS 1986) Mob : 0917506 027472 | ધર્મનાથ જૈન મંદિર સામે, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **કિશોર તેજપાલ રતાણી (લોડાયા)** | રો હાઉસ નં. ૩, એમ્પાયર એસ્ટેટ, મુંબઈ-પુણે રોડ, ચિંચવડ, |
| (PS 6397) | પુણે - ૪૧૧ ૦૧૯. Mobile : 9923608200, 7888146121 |
| **શ્રીમતી સ્મિતા પંકજ દંડ** | સી-૫૨, ૩જે માળે, સેવાધામ બિલ્ડીંગ, શ્રીપાલ નગર, |
| (PS 3337) | રાજાજી પથ, શિવમ કોમ્પ્લેક્સની સામે, ડોમ્બીવલી (ઈ)-૪૨૧ ૨૦૧ |
| **નિમેશ મણીકાંત શાહ (શિયાલ)** | સી-૪૦૨, માલપાની સેફરોન, એક્સપ્રેસ ઈન હોટલ પાસે, |
| (PS 4718) | પાથર્ડી ફાટા, નાસિક - ૪૨૨ ૦૧૦. Mobile : 09825600587 |
| **અશોક પ્રેમજી લોડાયા** | C/o. વીરચંદ નરશી કૉટન પ્રા.લી., શેટ સર્વે નં. ૭૭/૧, |
| (PS 7021) Mob : 09604919468 | નેશનલ હાઈવે નં. ૬ બાયપાસ, મલકાપુર-૪૪૩ ૧૦૧. |
| **તરૂણ રતનશી શાહ (લોડાયા)** | દેવ-રતન, ૧૩૪, દશરા મેદાન, કમલા નેહરૂ માર્ગની સામે, |
| (PS 7331) | ઉજ્જૈન - ૪૫૬ ૦૧૦. Mobile : 09584725252, 07342530222 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૯-૧૭ | સાંગલી | આરવ, હેતલ રિપેશ રાજેશ મોતા | વારાપધર | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૦-૧૭ | મુલુંડ | આકાશ વિનય શાંતિલાલ દંડ | સુથરી | ૨૩ |
| | જલગામ | રિયા દિનેશ કુલીનકાન્ત લોડાયા | બારોઈ | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૦-૧૭ | વસઈ | ગૌતમ દિલીપભાઈ હરજીવનદાસ કોઠારી | ચીંચડ | ૨૮ |
| | ડોમ્બીવલી | પૂજા નિતિન હીરાચંદ નાગડા | પરજાઉ | ૨૮ |
| ૦૧-૧૦-૧૭ | મુલુંડ | કુંજ તારક હીરાચંદ નાગડા | સાંધાણ | ૨૮ |
| | શિવાજી પાર્ક | ઉત્સવી દેવચંદ ખીમજી છેડા | કાંડગરા | ૨૬ |
| ૦૩-૧૦-૧૭ | કલકત્તા | મોહિત સંજીવ જગમોહન બર્મા | કલકત્તા | ૨૬ |
| | કલકત્તા | દ્રષ્ટી તેજસ લક્ષ્મીચંદ લુઠીયા | રાયધણજર | ૨૫ |
| ૦૫-૧૦-૧૭ | મુલુંડ | ધુવેન જયેશ કલ્યાણજી સાવલા | ડેપા | ૨૬ |
| | મુલુંડ | ઈશીતા ધવલ દામજી લોડાયા | નલીયા | ૨૫ |

### છૂટા છેડા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૦-૧૭ | મઝગાંવ | સૌરભ હિતેન્દ્ર પદમશી મોતા | વાંકુ | ૩૩ |
| (પરસ્પર સમંતી) | કલવા | કિરણ રાયચંદ શામજી લોડાયા | સાંધાણ | ૩૧ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૯-૧૭ | હુબલી | અનિલ ગંગાજર લોડાયા | તેરા | ૬૪ |
| ૩૦-૦૯-૧૭ | રાપર ગઢવારી | તિલક મણીલાલ દેવજી લખમશી નાગડા | રાપર ગઢવારી | - |
| ૦૧-૧૦-૧૭ | ભરૂડીયા | રાયચંદ વીરજી ધુલ્લા | ભરૂડીયા | ૭૭ |
| ૦૨-૧૦-૧૭ | ડોમ્બીવલી | નવીન જેઠાભાઈ મોતા | કોઠારા | ૭૦ |
| ૦૪-૧૦-૧૭ | પરેલ | પલ્લવી નિલેશ શિવજી વિકમશી | રાણપર | ૨૦ |
| ૦૫-૧૦-૧૭ | ભાંડુપ | કસ્તૂરીબાઈ શિવજી ખોના | સુથરી | ૮૩ |
| ૦૭-૧૦-૧૭ | બેલારી | પ્રેમિલાબાઈ કિશોરચંદ ખોના | નલિયા | ૯૦ |
| ૦૭-૧૦-૧૭ | ગાંધીધામ | કાંતાબાઈ રતીલાલ દેવજી નાગડા | રાપર ગઢવારી | ૭૪ |
| ૦૭-૧૦-૧૭ | ગાંધીધામ | મહેન્દ્ર ખીંયરાજ દંડ | તેરા | ૬૫ |

# લગ્ન સંબંધી



## ચિ. કૌશિક નવીનચંદ્ર ધરમશી બેંગ્લોર (સુથરી)

જન્મ તારીખ : ૧૬.૭.૧૯૮૫
(સહમતિથી છૂટાછેડા)

ચિ. કૌશિક પ્રખ્યાત કંપની Philips Innovative Centre For Health care Domain (ONCOLOGY) બેંગ્લોરમાં Technical Specialist તરીકે કાર્યરત છે. આ પહેલાં પણ વિખ્યાત કંપની GE Health Care (બેંગ્લોર)માં પણ Senior Software Engineer તરીકે તેમજ SIEMENS Health Care બેંગ્લોરમાં પણ સફળતાપૂર્વક કામ કરેલ છે.

બેંગ્લોર સ્થાઈ થવા ઈચ્છતી કન્યાઓનાં વાલીઓ સંપર્ક કરી શકે છે.

| | |
|---|---|
| Education | : B.E. (Information Science & Technology) |
| Tech. Skill set | : C++, VC++, C#, JAVA and AWS |

| | | |
|---|---|---|
| શુભેચ્છા : દાદી - દાદા | : | કુંવરબાઈ શામજી પદમશી ધરમશી (બાગલકોટ) |
| નાની - નાના | : | નવલબાઈ રાયચંદ પાશ્વીર લોડાયા (સાયરા - ગદગ) |
| માતા - પિતા | : | અ. સૌ. હીના નવીનચંદ્ર ધરમશી (સુથરી) બેંગ્લોર |

નોંધ : જાહેરાતનો હેતુ યોગ્ય પસંદગી

સંપર્ક : હીનાબેન : Mob. : 099451 55704 / Tel. : 080495 66553

## ૧૧મી પુણ્યતિથિએ સ્મૃતિવંદના

જન્મ (બાંઢીયા)
આષાઢ વદિ ૬
સં.૧૯૯૬
દીક્ષા (પાલીતાણા)
મહા સુદ ૫ સં.૨૦૧૬



સ્વર્ગારોહણ (ભૂજ)
આસો વદિ ૧૨
સં. ૨૦૬૨

**શાસન પ્રભાવિકા ગુરૂવર્યા પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**

વાત્સલ્યથી છલકાતા... ભક્તિભાવથી ભરપુર...
સ્વાધ્યાયમાં લયલીન... કર્તવ્ય પાલનમાં કઠોર...
સંયમ સાધનામાં અડગ... સરળતા... સહજતા... અને સમતા...
ના ત્રિવેણી સંગમ ઉપર સુશોભિત જીવન જ જેમનું તીર્થસ્વરૂપ હતું એવા
શાસન પ્રભાવિકા પ.પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની
અગિરામી સ્વર્ગારોહણ તિથી પ્રસંગે ચરણકમળમાં કોટિ કોટિ વંદના....
આપની અમીદૃષ્ટિ અને કૃપાવૃષ્ટિ
અમારા ઉપર સતત વરસતી રહે એજ અભિલાષા.

-: શ્રધ્ધાસુમન :-

**સા. ગુણલક્ષ્મીશ્રીજી, સા. જયધર્માશ્રીજી**
**સા. જયદર્શિતાશ્રીજી, સા. હિમાંશુશ્રીજી** તથા
**શ્રીમાન હિરાચંદ અરજણ પટેલ પરિવાર**
(બાંઢિયા-ઐરોલી)


## EXCELLENT BUSINESS OPPORTUNITY

Wanted – Distributors & Retailers



The Pioneer of packaged fresh fruit juice in India, since 1974 HPMC LTD (A fully owned company of Himachal Pradesh state Government ) is now all set to launch variety of fresh fruit juices, Squashes, Jam, Pickles, Mineral water ETC. In the state of Maharashtra & Goa. Want to be a business associates and be part of this very demanding industry as a Distributor or a Retailer?

Contact : Super Stockist : Maharashtra & Goa
AMAZING MARKETING & SERVICES
617 – Reena Complex, Nathani Road, Vidyavihar West, Mumbai – 400086
9323871117 / 9321045678 / 9833871117
Email : hpmc@amazing.net.in Website : www.amazing.net.in

# શ્રી મહાકાલી દેવી મહાપૂજનનો ૨૨મો ભક્તિ ઉત્સવ : ૨૪-૯-૨૦૧૭
## કાલિદાસ હૉલ (મુલુંડ) આધુનિકરણ પશ્ચાતનો સર્વ પ્રથમ કાર્યક્રમ



યતિશ્રી મોતીસાગરજી મહારાજ



ભાવપૂર્ણ ભક્તિ સંગીતના કસબી હંસકુમાર દામજી મૈશેરી અને ધર્મપત્ની સૌ. કલ્પના



પહેડીના ઉદઘોષક - સંચાલક
મુકેશ દામજી મૈશેરી અને ધર્મપત્ની સૌ. દક્ષા



શ્રધ્ધામય ભાવિકોની હર્ષોલ્લાસ ઉપસ્થિતિ



પહેડીના વ્યવસ્થા સંચાલક સર્વોદય મંડળના
મણિકાંત ધુલ્લા અને પ્રસાદાસ્વાદના સંયોજક મેઘ ખોના

ગત ૨૪ સપ્ટેમ્બરના અચલગચ્છાધિકાયિકા દેવી મહાકાલી માતાજીનો ૨૨મો વાર્ષિક ભક્તિ ઉત્સવ મુલુંડ કાલીદાસ સભાગૃહ સ્થાને ઉજવાયો, જેમાં ૪૭૮૦ ભાવિકોએ ભાવથી આરાધના કરેલ. દસ દાતા પરિવારો દ્વારા ૮ થી ૧૧ પૂજન પહેડી બાદ ૧૧ થી ૨ દરમ્યાન હંસકુમાર મૈશેરી અને કલાકારોએ મહાઆરતી ભક્તિ સંગીતથી ભાવ વિભોર કરેલ. પૂજ્ય આચાર્ય કવીન્દ્રસાગરજી મહારાજ સાહેબે પધારી મંગલ આશીર્વચન પાઠવેલ. માતાજીના ગીતોની ભક્તિ ગંગા તથા ૧ થી ૨૧ વરસના ઉત્સવની ડી.વી.ડી. વિમોચન થયેલ. ધનરાજ કેટરર્સના મેઘ-ખોનાએ પ્રસાદ ભોજનનો આસ્વાદ કરાવેલ. મુંબઈ - પરા - બહારગામથી વિવિધ સંસ્થાના પદાધિકારીઓ ખાસ પધારેલ. ભુજપુર મંદિરની કાયમી તીથી માટે ભાવિકોને જણાવેલ. શ્રી મણીકાન્ત ધુલ્લા, સર્વોદય મંડળે સુંદર વ્યવસ્થા રાખેલ. સંચાલન મુકેશ મૈશેરીએ કરેલ. આગામી ત્રેવીસમો વાર્ષિકોત્સવ આસો સુદ ૬ રવિવાર ૧૪-૧૦-૨૦૧૮ના જાહેર થતાં લાભાર્થી પરિવારોનાં નામ જાહેર થયેલ. આ વરસના દાતા, મેઘ ખોના તથા મહાજન પ્રમુખ સહિત દાતાઓના વિશિષ્ટ સન્માન થયેલ. યતિશ્રીએ ૨૨ વરસથી મળતા સહયોગ દ્વારા માતાની સફળ આરાધના માટે ઉદારતા, શિસ્ત બધ્ધ દર્શન-વંદન-પ્રસાદ માટેની આન-બાન-શાન રાખવા માટે અનુમોદના - આભાર - આશીર્વાદ - શુભેચ્છા પાઠવેલ. મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ બે સ્થાને દર્શન-પ્રસાદ હોવા છતાં સહયોગ માટે ભાવિકો નો આભાર મિચ્છામિ દુક્કડમ્ કરેલ. જય જય મહાકાલી મા.

**- યતિશ્રી મોતીસાગરજી મહારાજ**

# મારા વહાલ સોયા ચિરંજીવી



શ્રી રતનશી કુંવરજી લોડાયા



શ્રી મણીકાંત રતનશી લોડાયા



માતુશ્રી દમયંતી રતનશી લોડાયા

મધુર તારી વાણી - વારે ઘડી ગુંજાય છે અમારા કાનમાં
અણી એ અટક્યો છે જીવ હવે મારો તારા વિયોગ માં
મને કાંઠો નથી દેખાતો આ કઠણ દુઃખના દરિયાનો
જઈને અનંતના માર્ગે અમને એકલો કરી ગયો તું
સૌથી પહેલો માતૃત્વનો અનેરો સુખ આપનાર તું
અને આ ઘડપણમાં મારો સાથ છોડી ને ચાલ્યો જનાર તું
અરરર શું અમારા બધાનું પુણ્ય આટલું પણ પ્રબળ ન હતું
આવી ખબર હોત તો વિધાતાને પત્ર લખતી વિનંતી સાથે
કે મારા ઉપર દયા કરીને મુજને એવો વરદાન વરસાવી
આપો કે કાળનો કઠોર ચકરડો પાછો ફરે ને હાજર થાય
મારા કાળજાનો એ ટુકડો અને મને કહે કે ચાલો માં
આ દુઃખદ સ્વપ્ન પુરૂં થયું

**અશ્રુપુરિત શ્રદ્ધાંજલિ સાથે**

## માતુશ્રી દમયંતી રતનશી લોડાયા

ધર્મપત્ની : **શ્રીમતી ભારતી મણીકાંત લોડાયા**

પુત્ર-પુત્રીઓ : **સૌ. વીણા સમીત ખોના**
**સૌ. ચાર્મી પરાગ નાગડા**
**સૌ. ભૂમી ગુંજન શીયાડ**
**સૌ. સુપ્રીયા આકાશ દીપક લોડાયા**

ભાઈ-બહેનો :
**સૌ. જ્યોત્સના દીપક રતનશી લોડાયા**
**શ્રીમાન શ્રી તરૂણ રતનશી લોડાયા**
**સૌ. શોભા લલિત નાગડા**
**સૌ. તારા લલિત મોતા**
**સૌ. મનીષા કમલેશ મોતા**

આવા કપરા પ્રસંગે જે લોકો/સંસ્થાઓ/મહાજન/સંગઠનો એ અમારી પડખે ઉભા રહી ને અમારા અપાર દુઃખમાં સહભાગી બન્યા એ બધાનું રતનશી કુંવરજી પરિવાર અંતઃકરણ પૂર્વક ઋણ સ્વીકારે છે.

**શ્રદ્ધાંજલિ** **શ્રદ્ધાંજલિ** **શ્રદ્ધાંજલિ**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (09-10-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

|| શ્રી શાંતિનાથાય નમઃ ||     || શ્રી વિમલનાથાય નમઃ ||

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૨૦-૦૩-૧૯૫૯

અરિહંત શરણ :
તા. ૧૫-૧૦-૨૦૧૬

## માતુશ્રી કલ્પનાબેન શાંતિલાલ લોડાયા

ગામ : કોઠારા (વાપી)

*ભુલી વનો આંકે અંસી, ડી ન હેડો બની શક્યો,*
*આં વગર હી ઘર કડે, ભરેલો ન લગી શક્યો.*
*મલ્યા ઘણે માડુ અસાંકે, વરે હકડો ગોજરી વ્યો,*
*પણ આંજો ખલદો મોં, હમેશા અસાંકે યાદ રઈ વ્યો.*

**પરમ કૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને**
**શાંતિ અર્પે એજ અમારી સર્વેની પ્રભુને પ્રાર્થના...**

**માતુશ્રી કુંવરબાઈ પદમશી પાશ્વીર લોડાયા પરિવાર** (કોઠારા - મુંબઈ)
**માતુશ્રી જમકુબાઈ ભવાનજી માંડણ ધરમશી પરિવાર** (જશાપર - મુંબઈ)

| | | | |
|---|---|---|---|
| પતિ | : | **શા. શાંતિલાલ પદમશી લોડાયા** | (કોઠારા) |
| પુત્ર-પુત્રવધુ | : | **અ.સૌ. હીરલ પ્રકાશ શાંતિલાલ લોડાયા** | (વાપી) |
| પૌત્રી | : | **કુ. જીલ પ્રકાશ લોડાયા, કુ. હસ્તી પ્રકાશ લોડાયા** | |
| દીકરી-જમાઈ | : | **અ.સૌ. જયશ્રી ચેતન ખોના** | (સુથરી - આદિપુર) |
| | | **અ.સૌ. કાજલ વિજય દંડ** | (વરાડીયા - ઘાટકોપર) |
| દોહીત્રી | : | **કુ. હેન્સી ચેતન ખોના** | |

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,